# જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨

[વર્ષ : ૨૦૧૨નો ૩૨માં]

અને

# જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં નિયમ, ૨૦૧૨



# (THE PROTECTION OF CHILDREN FROM SEXUAL OFFENCES ACT, 2012
# WITH
# THE PROTECTION OF CHILDREN FROM SEXUAL OFFENCES RULES, 2012)

ગુજરાતી ભાષાંતર ફક્ત કચેરી ઉપયોગ માટે જ છે. અન્ય સંદર્ભ અર્થેના ઉપયોગ માટે મૂળ પાઠ જોવા વિનંતી છે.

# જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨


| | **પ્રકરણ : ૧ : પ્રારંભિક** | Page |
|---|---|---|
| ૧. | ટૂંકુ મથાળુ, વિસ્તાર અને પ્રારંભ | ૬ |
| ૨. | વ્યાખ્યાઓ | ૬ |
| | **પ્રકરણ : ૨ : બાળક વિરુધ્ધના જાતીય–ગુનાઓ**<br>**(એ) પ્રવેશ જાતીય–હુમલા અને તેના માટેની શિક્ષા** | |
| ૩. | પ્રવેશ જાતીય–હુમલો | ૮ |
| ૪. | પ્રવેશ જાતીય–હુમલા માટેની શિક્ષા | ૮ |
| | **(બી) ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો અને તેના માટેની શિક્ષા** | |
| ૫. | ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો | ૮ |
| ૬. | ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલા માટેની શિક્ષા | ૧૧ |
| | **(સી) જાતીય–હુમલો અને તેના માટેની શિક્ષા** | |
| ૭. | જાતીય–હુમલો | ૧૧ |
| ૮. | જાતીય–હુમલા માટેની શિક્ષા | ૧૧ |
| | **(ડી) ઉગ્ર જાતીય–હુમલો અને તેના માટેની શિક્ષા** | |
| ૯. | ઉગ્ર જાતીય–હુમલો | ૧૧ |
| ૧૦. | ઉગ્ર જાતીય–હુમલા માટેની શિક્ષા | ૧૪ |
| | **(ઈ) જાતીય–સતામણી અને તેના માટેની શિક્ષા** | |
| ૧૧. | જાતીય–સતામણી | ૧૪ |
| ૧૨. | જાતીય–સતામણી માટેની શિક્ષા | ૧૫ |
| | **પ્રકરણ : ૩ : અશ્લીલના સાહિત્યના ઉદ્દેશસર બાળકનો ઉપયોગ અને તેના માટેની શિક્ષા** | |
| ૧૩. | અશ્લીલના સાહિત્યના ઉદ્દેશ માટે બાળકનો ઉપયોગ | ૧૫ |
| ૧૪. | અશ્લીલ સાહિત્યના ઉદ્દેશ માટે બાળકના ઉપયોગ માટે શિક્ષા | ૧૫ |
| ૧૫. | બાળકને સાંકળતા નગ્ન કામચેષ્ટા સંબંધી અશ્લીલ સાહિત્ય–સામગ્રી એકત્રીત (જમા) કરવા માટેની શિક્ષા | ૧૬ |
| | **પ્રકરણ : ૪ : ગુનો કરવામાં મદદગારી અથવા પ્રયાસ** | |
| ૧૬. | ગુનો કરવામાં મદદગારી | ૧૬ |
| ૧૭. | મદદગારી માટે ની શિક્ષા | ૧૭ |
| ૧૮. | ગુનો કરવાના પ્રયાસ માટેની શિક્ષા | ૧૭ |
| | **પ્રકરણ : ૫ : ગુનો નોંધવા માટેની પ્રક્રિયા** | |
| ૧૯. | ગુનાઓની નોંધણી | ૧૭ |
| ૨૦. | કેસોના હેવાલ માટે પ્રચાર–પ્રસાર, સ્ટુડિયો અને ફોટોગ્રાફિક સુવિધા માટેનુ બંધન | ૧૮ |
| ૨૧. | કેસનો હેવાલ અથવા નોંધણી કરવામાં નિષ્ફળતા માટેની શિક્ષા | ૧૯ |
| ૨૨. | ખોટી ફરીયાદ અથવા ખોટી માહિતી માટેની શિક્ષા | ૧૯ |
| ૨૩. | પ્રચાર–પ્રસારના માધ્યમ માટેની પ્રક્રિયા | ૧૯ |
| | **પ્રકરણ : ૬ : બાળકના નિવેદન નોંધવા માટેની પ્રક્રિયા** | |
| ૨૪. | બાળકના નિવેદનની નોંધણી | ૨૦ |
| ૨૫. | મેજિસ્ટ્રેટ દ્વારા બાળકના નિવેદનની નોંધણી | ૨૦ |
| ૨૬. | નિવેદન નોંધણી સંબંધી વધારાની જોગવાઈઓ | ૨૧ |
| ૨૭. | બાળકની તબીબી–તપાસ | ૨૧ |

| | | |
|---|---|---|
| | **પ્રકરણ : ૭ : વિશેષ અદાલત** | |
| ૨૮. | વિશેષ અદાલતો નિમવા બાબત | ૨૨ |
| ૨૯. | નિશ્ચિત ગુનાઓનુ અનુમાન | ૨૨ |
| ૩૦. | દોષીની માનસિક સ્થિતિ અંગે અનુમાન | ૨૨ |
| ૩૧. | વિશેષ અદાલત સમક્ષની કાર્યવાહીમાં ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની અમલીપાત્રતા | ૨૩ |
| ૩૨. | વિશેષ સરકારી વકીલ | ૨૩ |
| | **પ્રકરણ : ૮ : વિશેષ અદાલતની કાર્યવાહી અને સત્તા તથા પુરાવાની નોંધણી** | |
| ૩૩. | વિશેષ અદાલતની કાર્યવાહી અને સત્તા | ૨૩ |
| ૩૪. | બાળક દ્વારા કરવામાં આવેલ ગુનાના કિસ્સામાં કાર્યવાહી અને વિશેષ અદાલતમાં તેની ઉંમરનુ નિર્ધારણ | ૨૪ |
| ૩૫. | બાળકના પુરાવા નોંધવાની અને કેસના નિકાલ માટેનો સમયગાળો | ૨૫ |
| ૩૬. | બાળકને તપાસતી વખતે આરોપી નજરે પડવો જોઈએ નહી | ૨૫ |
| ૩૭. | ઇન્સાફી કાર્યવાહી "ઈન કેમેરા" હાથ ધરવામાં આવશે | ૨૫ |
| ૩૮. | બાળકના પુરાવા નોંધતી વખતે અર્થઘટનકાર અથવા નિષ્ણાતની સહાય | ૨૫ |
| | **પ્રકરણ : ૯ : પ્રકીર્ણ** | |
| ૩૯. | બાળકને નિષ્ણાતો, વગેરેની સહાયતા આપવા અંગેની માર્ગદર્શીકા | ૨૬ |
| ૪૦. | બાળકને કાયદાના વ્યવસાયિકની સહાયતા મેળવવાનો અધિકાર | ૨૬ |
| ૪૧. | ચોક્કસ કેસોમાં કલમ–૩ થી ૧૩ સુધીની જોગવાઈઓ લાગુ પડશે નહી | ૨૬ |
| ૪૨. | વૈકલ્પિક શિક્ષા | ૨૬ |
| ૪૨એ. | આ અધિનિયમ બીજા કાયદાઓથી ઉતરતો નથી | ૨૭ |
| ૪૩. | આ અધિનિયમ વિષે લોક–જાગૃતિ | ૨૭ |
| ૪૪. | આ અધિનિયમના અમલ માટે દેખરેખ | ૨૭ |
| ૪૫. | નિયમો ઘડવાની સત્તા | ૨૭ |
| ૪૬. | મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા | ૨૮ |
| | **પરિશિષ્ટ** | ૨૯ |


# જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં નિયમ, ૨૦૧૨


| | | |
|---|---|---|
| ૧. | ટૂંકુ મથાળુ અને પ્રારંભ | ૩૧ |
| ૨. | વ્યાખ્યાઓ | ૩૧ |
| ૩. | અનુવાદકો, અર્થઘટનકારો અને  વિશેષ કેળવણીકારો | ૩૨ |
| ૪. | કાળજી અને રક્ષણ | ૩૩ |
| ૫. | તાત્કાલિક તબીબી સંભાળ | ૩૭ |
| ૬. | અધિનિયમના અમલીકરણ ઉપર દેખરેખ | ૩૮ |
| ૭. | વળતર | ૩૯ |

## ભારત રાજપત્રના અસાધારણ ભાગ–II ના ખંડ દ્વારા પ્રકાશીત.

## વિધી અને ન્યાય મંત્રાલય

## વૈદ્યાનિક વિભાગ

સંસદનો અધિનિયમ તારીખ : ૧૯મી જૂન ૨૦૧૨ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળ્યા બાદ સામાન્ય જનતાની જાણ સારુ ભારતીય રાજપત્રિતમાં પ્રકાશીત કરવામાં આવે છે :–

**[જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨][1]**

**(The Protection of Children from Sexual Offences Act, 2012)**

[વર્ષ : ૨૦૧૨નો ૩૨માં]

[૧૪મી જૂન ૨૦૧૨]

આ અધિનિયમ બાળકોને જાતીય–હુમલા (Sexual-Assault), જાતીય–સતામણી (Sexual-Harassment) અને અશ્લીલ સાહિત્ય (Pornography) અંગેના ગુનાઓ સામે રક્ષણ આપવા માટે અને આવા ગુનાઓની ઈન્સાફી–કાર્યવાહી ચલાવવા માટે વિશિષ્ટ અદાલતોને પ્રસ્થાપીત કરવા અને આવી બાબતો સાથે સંબંધીત અથવા સંલગ્ન ઘટના અંગેની જોગવાઈ કરે છે.

જયારે ભારતીય બંધારણના અનુચ્છેદ–૧૫નો કલોઝ (૩) અન્ય બાબતોની સાથે–સાથે (inter alia) રાજયને બાળકો માટે વિશેષ જોગવાઈઓ કરી શકે છે સત્તા આપે છે;

અને જયારે, સંયુકત રાષ્ટ્ર સંઘની બાળ અધિકારો અંગેની સમજૂતી દ્વારા સ્વીકારવામાં આવેલ, બાળકના રક્ષણના સર્વોત્તમ હિત ખાતર ઘડવામાં આવેલ માપદંડોના માળખામાં નિયત કરવામાં આવેલ માપદંડોનુ અનુસરણ દરેક પક્ષકાર રાજયો દ્વારા કરવામાં આવે છે, અને જેને ભારત સરકારે ૧૧મી ડિસેમ્બર ૧૯૯૨ના રોજ સંમતિ આપેલી છે;

અને જયારે, બાળકના અનુકૂળ વિકાસ માટે આ આવશ્યક બને છે કે, તે અથવા તેણીના ગુપ્તતા (privacy) અને અંગતતા (confidentiality)ના અધિકારને દરેક વ્યકિત દ્વારા દરેક ઉપાયો દ્વારા, ન્યાયિક પ્રક્રિયાના દરેક તબક્કે કે જેમાં બાળક સંલગ્ન હોય, તેને રક્ષણ અને આદર આપવાનુ રહેશે;

અને જયારે, બાળકની શારીરિક, ભાવનાત્મક, બૈધ્ધિક તંદુરસ્થી અને સામાજિક વિકાસની ખાતરી માટે, દરેક સ્તરે તેના સર્વોત્તમ હિત અને તેની સુખાકારી/સમૃધ્ધી સંદર્ભે તેની (બાળકની) સર્વોપરિતાને મહત્વ આપતાં કાયદાને વ્યવહારમાં મૂકવાનો છે;

---

[1] વિધી અને ન્યાય મંત્રાલય, વૈદ્યાનિક વિભાગ,ભારત સરકારે તારીખ : ૨૦મી જૂન ૨૦૧૨ના રોજ, ભારતનાં રાજપત્રના અસાધારણ ભાગ–II ના ખંડ દ્વારા પ્રકાશીત કરવામાં આવેલ આ અધિનિયમને રાષ્ટ્રપતિની સંમતિ માટે તારીખ : ૧૯મી જૂન ૨૦૧૨ના રોજ મોકલ્યો હતો અને સામાન્ય જાણકારી માટે અહીંયા તેને પ્રકાશીત કરવામાં આવે છે.

અને જયારે, બાળ અધિકાર અંગેની સમજૂતીના પક્ષકાર રાજયે આવશ્યક રીતે રાષ્ટ્રીય, દ્વિ–પક્ષીય (bilateral) અને બહુ–પક્ષીય (multilateral) માપદંડો વડે યોગ્ય રીતે અટકાવવા અંગેની બાંહેધરી આપવી પડશે, કે જેમાં અનુક્રમે,–

(એ) બાળકને પ્રલોભન (inducement) અથવા ધાક–ધમકી (coercion) દ્વારા કોઈપણ ગેરકાયદેસર જાતીય પ્રવૃત્તિમાં જોડવું;

(બી) વેશ્યાવૃત્તિ અથવા કોઈપણ ગેરકાયદેસર જાતીય–વ્યવહાર માટે બાળકનો શોષણકારી રીતે ઉપયોગ કરવો;

(સી) નગ્ન–કામચેષ્ટા સંબંધી અશ્લીલ અભિનયની કામગીરી (performances) અથવા સાહિત્ય સંબંધી સાધન–સામગ્રી (materials) માટે બાળકનો શોષણકારી રીતે ઉપયોગ કરવો;

અને જયારે, બાળકોના જાતીય–શોષણ અને જાતીય–દુરપયોગ એ ઘૃણાસ્પદ (heinous) ગુનાઓ છે અને તેના માટે અસરકારક કાર્યવાહી કરવાની આવશ્યકતા છે.

સંસદે ભારતના ગણ રાજયના ત્રેસઠમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરે છે.

## પ્રકરણ : ૧

## પ્રારંભિક (Preliminary)

### ૧. ટૂંકુ મથાળુ, વિસ્તાર અને પ્રારંભ (Short title, extent and commencement).-

(૧) આ અધિનિયમ એ "જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨" તરીકે ઓળખાશે.

(૨) આ અધિનિયમ જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતીય પ્રદેશમાં લાગુ પડશે.

(૩) આ અધિનિયમ કેન્દ્ર સરકાર દ્વારા રાજપત્રિતના અધિકૃત જાહેરનામામાં મુકરર કરેલી તારીખથી અમલી બનશે.[2]

### ૨. વ્યાખ્યાઓ (Definitions).-

(૧) આ અધિનિયમમાં વિષય અથવા સંદર્ભથી અન્યથા વિપરીત ન હોય, તે સિવાયનું કાંઈપણ,–

(એ) "ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો" (Aggravated penetrative sexual assault) નો અર્થ કલમ–૫ માં નિર્દિષ્ટ કર્યાનુસારના સમાન રહેશે;

(બી) "ઉગ્ર જાતીય–હુમલા" (Aggravated sexual assault) નો અર્થ કલમ–૯ માં નિર્દિષ્ટ કર્યાનુસારના સમાન રહેશે;

(સી) "સશસ્ત્ર દળ (Armed Forces) અથવા સુરક્ષા દળ" (Security Forces)નો અર્થ કેન્દ્રીય સશસ્ત્ર દળો અથવા સુરક્ષા દળો અથવા પોલીસ દળો, કે જે પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલ છે તે;

---

[2] કેન્દ્ર સરકારે આ અધિનિયમને ૧૪મી નવેમ્બર ૨૦૧૨ થી અમલમાં મૂકયો છે.

(ડી) "બાળક" એટલે એવી કોઈપણ વ્યકિત કે જેણે અઢાર વર્ષ પૂરા કર્યાં નથી તે;

(ઈ) "ઘરેલું–સગપણ (domestic-relationship)" આનો અર્થ "ઘરેલું/કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓની સુરક્ષા અધિનિયમ, ૨૦૦૫ (વર્ષ ૨૦૦૫નો ૪૩માં)ની કલમ–૨ ના ખંડ (એફ)માં નિર્દિષ્ટ કર્યાંનુસારના સમાન રહેશે;

(એફ) "પ્રવેશ જાતીય–હુમલો" (Penetrative Sexual Assault)નો અર્થ કલમ–૩ માં નિર્દિષ્ટ કર્યાંનુસારના સમાન રહેશે;

(જી) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ અન્વયે કરેલા નિયમોથી ઠરાવેલું;

(એચ) "ધાર્મિક સંસ્થા"નો અર્થ ધાર્મિક સંસ્થાઓ (દુરપયોગ અટકાવવા) અધિનિયમ, ૧૯૮૮ (વર્ષ ૧૯૮૮ના ૪૧માં)માં નિર્દિષ્ટ કર્યાંનુસારના સમાન રહેશે;

(આઈ) "જાતીય–હુમલો" (Sexual Assault)નો અર્થ કલમ–૭માં નિર્દિષ્ટ કર્યાંનુસારના સમાન રહેશે;

(જે) "જાતીય–સતામણી" (Sexual Harassment)નો અર્થ કલમ–૧૧માં નિર્દિષ્ટ કર્યાંનુસારના સમાન રહેશે;

(કે) "ઘરમાં સાથે રહેવું" (share household)નો અર્થ એવુ ઘર કે જેમાં આરોપી વ્યકિત બાળક સાથે ઘરેલુ સગપણમાં કોઈપણ સમયે સાથે રહયો હોય અથવા રહેતો હોય;

(એલ) "વિશેષ અદાલત" (Special Court)નો અર્થ કલમ–૨૮ અન્વયે રચવામાં આવેલ અદાલત;

(એમ) "વિશેષ સરકારી વકીલ"નો અર્થ કલમ–૩૨ અન્વયે નીમવામાં આવેલ સરકારી વકીલ.

(૨) અહીંયા ઉપયોગમાં લેવામાં આવેલ શબ્દો અને ખુલાસાઓ અને જેને વર્ણવવામાં આવ્યા નથી પરંતુ જેની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ (વર્ષ ૧૮૬૦ના ૪૫માં), ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (વર્ષ ૧૯૭૪ના બીજુ), જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ, ૨૦૦૦ (વર્ષ ૨૦૦૦ના ૫૬માં) અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી એકટ, ૨૦૦૦ (વર્ષ ૨૦૦૦ના ૨૧માં)માં આપવામાં આવેલ છે તે, નિર્દિષ્ટ કરવામાં આવેલ સંહિતાઓ અથવા અધિનિયમોમાં કરવામાં આવેલા અર્થો અનુસારનો રહેશે.

## પ્રકરણ : ૨

## બાળક વિરુધ્ધના જાતીય–ગુનાઓ (Sexual Offences against Children)

### (એ) પ્રવેશ જાતીય–હુમલા અને તેના માટેની શિક્ષા

### (Penetrative sexual assault and punishment therefor)

**૩. પ્રવેશ જાતીય–હુમલો (Penetrative Sexual Assault).-**

"પ્રવેશ જાતીય–હુમલો" કરનાર વ્યકિત, આમાંનુ કાંઈ કરે, જો–

(એ) તે (પુરુષ) પોતાનુ શિશ્ન (Penis)ને, બાળકના યોનિમાર્ગ (Vagina)માં, મોઢામાં, મૂત્રમાર્ગ (Urethra)માં અથવા ગુદા/મળદ્વાર (anus)માં, કોઈપણ સીમા સુધી, પ્રવેશ કરાવે અથવા તો બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવુ કરાવે; અથવા

(બી) તે કોઈપણ વસ્તુ (સાધન) અથવા શરીરનો કોઈ ભાગ, પ્રાકૃતિક શિશ્ન સિવાય, બાળકના યોનિમાર્ગ, મૂત્રમાર્ગ અથવા ગુદામાં દાખલ કરે અથવા બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઈપણ વ્યકિત સાથે આવુ કરાવે; અથવા

(સી) તે બાળકના શરીરના કોઈપણ ભાગને ચાલાકીથી બાળકની યોનિમાર્ગ, મૂત્રમાર્ગ, ગુદા અથવા બાળકના શરીરના કોઈપણ ભાગમાં અંગ–પ્રવેશ કરાવે અથવા બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઈપણ વ્યકિત સાથે આવુ કરાવે; અથવા

(ડી) તે બાળકના શિશ્ન, યોનિ, મૂત્રમાર્ગ, ગુદા સાથે પોતાના મોઢાનો ઉપયોગ અથવા બાળકને પોતાની સાથે અન્ય કોઈપણ વ્યકિત સાથે આવુ કરાવે.

**૪. પ્રવેશ જાતીય–હુમલા માટેની શિક્ષા (Punishment for Penetrative Sexual Assault).-**

જે કોઈપણ, પ્રવેશ જાતીય–હુમલો કરશે, તેને બન્નેમાંથી કોઈપણ પ્રકારની કારાવાસની શિક્ષા કે જેનો સમયગાળો સાત વર્ષથી ઓછો ન હોય પણ જેને આજીવન કારાવાસ સુધી વિસ્તારી શકાશે, અને તે દંડને પાત્ર પણ થશે.

### (બી) ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો અને તેના માટેની શિક્ષા

### (Aggravated penetrative sexual assault and punishment therefor)

**૫. ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો (Aggravated penetrative sexual assault).-**

(એ) જે કોઈ વ્યકિત, પોલીસ–અધિકારી હોય,

(i) જયાં તેની નિમણૂંક થઈ હોય તે પોલીસ–સ્ટેશનની હદમાં અથવા પરિસરની ક્ષેત્ર–મર્યાદાની અંદર; અથવા

(ii) કોઈપણ પોલીસ–સ્ટેશનના પરિસરમાં, જયાં તેની નિમણૂંક થઈ હોય કે ન થઈ હોય; અથવા

(iii) તેની ફરજ દરમ્યાન અથવા અન્યથા; અથવા

(iv) જયાં તે પોલીસ–અધિકારી તરીકે ઓળખાતો હોય અથવા જાણીતો હોય,

બાળક ઉપર પ્રવેશ જાતીય હુમલો કરે ; અથવા

(બી) જે કોઈપણ, સશસ્ત્ર દળોનો અથવા સુરક્ષા દળોનો સભ્ય હોય,–

(i) આવી વ્યકિતને ગોઠવવામાં આવેલ વિસ્તારના ક્ષેત્ર–મર્યાદાની અંદર; અથવા

(ii) દળો અથવા સશસ્ત્ર દળોના અધીન હોય એવો કોઈપણ વિસ્તારમાં; અથવા

(iii) તેની ફરજ દરમ્યાન અથવા અન્યથા; અથવા

(iv) જયાં આવી જણાવેલી વ્યકિત સુરક્ષા અથવા સશસ્ત્ર દળના સભ્ય તરીકે ઓળખીતી અથવા જાણીતી હોય;

બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(સી) જે કોઈપણ, જાહેર નોકર હોય, બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(ડી) જે કોઈ વ્યકિત જેલ, રિમાન્ડ હોમ, સંરક્ષણ ગૃહ, અન્વેક્ષણ ગૃહ (ઓબ્ઝવેશન હોમ) અથવા જે–તે સમયમાં અમલી હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ અપાયેલ જાપ્તાના અન્ય સ્થળ અથવા કાળજી અને સંભાળ લેવાના સ્થળે સંચાલક અથવા કર્મચારી વર્ગનો સભ્ય હોય ને આવી જેલ, રિમાન્ડ હોમ, સંરક્ષણ ગૃહ, અન્વેક્ષણ ગૃહ, અથવા જાપ્તાના અન્ય કોઈપણ સ્થળ અથવા કાળજી અને સંરક્ષણમાં રહેતા કોઈપણ અંતેવાસી બાળક ઉપર અંગ–પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(ઈ) જે કોઈ વ્યકિત, સરકારી અથવા ખાનગી હોસ્પીટલના સંચાલક અથવા કર્મચારી વર્ગનો હોય, હોસ્પીટલમાં બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(એફ) જે કોઈ વ્યકિત, શૈક્ષણિક અથવા ધાર્મિક સંસ્થાનો સંચાલક અથવા કર્મચારી વર્ગનો હોય, સંસ્થામાં બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(જી) જે કોઈપણ, બાળક ઉપર સામૂહિક પ્રવેશ જાતીય–હુમલો કરે.

**ખુલાસા :** જયારે કોઈ બાળક સાથે એક અથવા એક થી વધુ વ્યકિતઓ સમૂહમાં મળીને, તેઓના સામાન્ય ઈરાદાના સ્વરૂપમાં કરવામાં આવ્યુ હોય, તો ત્યાં આમાંની દરેક વ્યકિત "સામૂહિક પ્રવેશ જાતીય–હુમલા" માટેના અર્થની અંદર આ કલોઝ અન્વયે આવરી લેવામાં આવશે અને આવી દરેક વ્યકિતએ આ કૃત્ય માટે સમાન રીતે જવાબદાર ગણવામાં આવશે, કે જેને તેના એકલા દ્વારા કરવામાં આવ્યુ હોય; અથવા

(એચ) જે કોઈપણ, પ્રવેશ માટે બાળક ઉપર પ્રાણઘાતક હથિયાર, ગોળીબાર (fire), મારવા માટેનુ કોઈપણ સાધન (heated-substance) અથવા ધાક–ધમકીના કોઈપણ સાધનના ઉપયોગ કરીને બાળક સાથે પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(આઈ) જે કોઈપણ, અંગ–પ્રવેશ માટે બાળકને મહાવ્યથા અથવા શારીરિક નુકશાન અથવા ઇજા અથવા બાળકના ગુપ્ત અંગોમાં ઇજા પહોંચી જાતીય–હુમલો કરે; અથવા

(જે) જે કોઈપણ, પ્રવેશ બાળક ઉપર જાતીય–હુમલો કરે, કે જેમાં,–

(i) બાળકને, મેન્ટલ હેલ્થ એકટ, ૧૯૮૭(૧૯૮૭ના ૧૪માં)ની કલમ–ર ના કલોઝ–બી માં વર્ણવીત કરવામાં આવેલ વ્યાખ્યાનુસાર શારીરિક રીતે અસક્ષમ બને અથવા માનસિક રીતે બીમાર થાય અથવા એવી કોઈપણ પ્રકારની ઇજાને લીધે બાળક કામચલાઉ અથવા કાયમી ધોરણે પોતાના નિયમિત કાર્યો કરવા માટે અસક્ષમ બને; અથવા

(ii) બાળ–છોકરીના કિસ્સામાં, જાતીય–હુમલાનુ પરિણામ સ્વરૂપ તેણીનુ ગર્ભવતી થવુ; અથવા

(iii) બાળકને, ચેપી માનવીય રોગના જંતુ (HIV) અથવા અન્ય કોઈપણ જીવનને ભયમાં મૂકતા રોગો અથવા એવો ચેપ (Infection) ફેલાવે કે જેનાથી કાં તો તે કામચલાઉ અથવા કાયમી રીતે શારીરિક રીતે અસક્ષમ બને અથવા માનસિક રીતે બીમાર બને કે જેના લીધે બાળક પોતાના નિયમિત કાર્યો બજાવી શકવા માટે અસમર્થ બને; અથવા

(કે) જે કોઈપણ, બાળકની માનસિક અથવા શારીરિક અસક્ષમતાનો લાભ લઈ બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(એલ) જે કોઈપણ, એક થી વધારે વાર અથવા વારંવાર બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(એમ) જે કોઈપણ, બાર વર્ષ થી નીચેની વયના બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(એન) જે કોઈપણ, બાળકનો સગો–વ્હાલો હોય કે જે લોહીના અથવા દત્તકવિધાનના અથવા લગ્નના અથવા વાલીપણાના અથવા ઉછેર–કાળજીના અથવા બાળકના માતા–પિતા સાથે કૌટુંબિક સગપણના અથવા બાળક સાથે સમાન અથવા એક જ ઘરમાં સરખી ભાગીદારીથી રહેતો હોય, તેવો સંબંધ ધરાવનાર બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(ઓ) જે કોઈપણ, સંસ્થા કે જે બાળકને કોઈપણ સેવા પૂરી પાડતી હોય, તેનો કોઈ માલિક, અથવા વ્યવસ્થાપક અથવા કર્મચારી–ગણ હોય, સંસ્થામાં બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(પી) જે કોઈપણ, ટ્રસ્ટ અથવા સત્તાધિકારીની રૂ એ હોય, સંસ્થામાં અથવા ઘરમાં અથવા અન્યથા કોઈ જગ્યા એ બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(કયુ) જે કોઈપણ, બાળક ગર્ભવતી છે, તે જાણવા છતાં તેની ઉપર અંગ–પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(આર) જે કોઈપણ, બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે અને તેને મારી નાખવાનો પ્રયત્ન કરે; અથવા

(એસ) જે કોઈપણ, કોમી (Communal) અથવા સાંપ્રદાયિક (Sectarian) હિંસાના સમયે બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે; અથવા

(ટી) જે કોઈપણ, બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે અને જે અગાઉ પણ આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના અથવા તત્સમયે અમલી કોઈપણ કાયદા અન્વયે શિક્ષાપાત્ર જાતીય–ગુના માટે દોષિત ઠરેલો હોય; અથવા

(યુ) જે કોઈપણ, બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે, અને જાહેરમાં નગ્ન અથવા નગ્ન કવાયત કરાવે;

આ ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો કર્યો કહેવાશે.

**૬. ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલા માટેની શિક્ષા (Punishment for aggravated penetrative sexual assault).-**

જે કોઈપણ, ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો કરે, તેને દશ વર્ષ કરતાં ઓછી ન હોય તેવી સખત કારાવાસની શિક્ષા કે જેને આજીવન કારાવાસ સુધી વિસ્તારી શકાશે અને આ સાથે દંડને પણ પાત્ર ઠરશે.

## (સી) જાતીય–હુમલો અને તેના માટેની શિક્ષા

## (Sexual assault and punishment therefor)

**૭. જાતીય–હુમલો (Sexual assault).-**

જે કોઈપણ, જાતીય ઈરાદાથી કોઈપણ બાળકના યોનિ, શિશ્ન, ગુદા, અથવા છાતીને સ્પર્શે અથવા બાળકને આવી વ્યકિત અથવા અન્ય કોઈપણ વ્યકિતના યોનિ, શિશ્ન, ગુદા અથવા છાતીને સ્પર્શ કરાવે, અથવા જાતીય ઈરાદાથી અંગ–પ્રવેશ સિવાય અન્ય કોઈપણ પ્રકિયા દ્વારા શારીરિક સંબંધ કરે તો તેને જાતીય હુમલો કર્યો કહેવાય.

**૮. જાતીય–હુમલા માટેની શિક્ષા (Punishment for sexual assault).-**

જે કોઈપણ, જાતીય–હુમલો કરે તેને ઓછામાં ઓછી ત્રણ વર્ષની કારાવાસની (બન્નેમાંથી કોઈપણ પ્રકારની) શિક્ષા કે જેને પાંચ વર્ષ સુધીના કોઈપણ સમયગાળા સુધી વિસ્તારી શકાય અને તે દંડને પાત્ર પણ ઠરશે.

## (ડી) ઉગ્ર જાતીય–હુમલો અને તેના માટેની શિક્ષા

## (Aggravated sexual assault and punishment therefor)

**૯. ઉગ્ર જાતીય–હુમલો (Sexual Assault).-**

(એ) જે કોઈપણ, પોલીસ અધિકારી હોય,–

(i) જ્યાં તેની નિમણૂંક થઈ હોય તે પોલીસ સ્ટેશનની હદમાં અથવા પરિસરની ક્ષેત્ર–મર્યાદાની અંદર; અથવા

(ii) કોઈપણ પોલીસ–સ્ટેશનના પરિસરમાં કે જેમાં તેની નિમણૂંક થઈ હોય કે ન થઈ હોય; અથવા

(iii) તેની ફરજ દરમ્યાન અથવા અન્યથા; અથવા

(iv) જયાં તે પોલીસ–અધિકારી તરીકે ઓળખાતો હોય અથવા જાણીતો હોય;

બાળક ઉપર ઉગ્ર જાતીય–હુમલો કરે, અથવા

(બી) કોઈપણ કે જે સશસ્ત્ર દળોનો અથવા સુરક્ષા દળોનો સભ્ય હોય,–

(i) આવા ક્ષેત્રની સીમામાં કે જેમાં તેને ગોઠવવામાં આવેલ હોય; અથવા

(ii) એવો કોઈપણ વિસ્તાર કે જે સુરક્ષા દળો અથવા સશસ્ત્ર દળોના આધીન હોય; અથવા

(iii) તેની ફરજ દરમ્યાન અથવા અન્યથા; અથવા

(iv) જયાં આવી જણાવેલી વ્યકિત સુરક્ષા અથવા સશસ્ત્ર દળના સભ્ય તરીકે ઓળખાતી અથવા જાણીતી હોય;

બાળક ઉપર જાતીય–હુમલો કરે, અથવા

(સી) કોઈપણ કે જે જાહેર નોકર હોય બાળક ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(ડી) જે કોઈ વ્યકિત જેલ અથવા રિમાન્ડ હોમ (બાળ–ગૃહ) અથવા સંરક્ષણ ગૃહ, અન્વેષણ ગૃહ (ઓબ્ઝવેશન હોમ) અથવા જે–તે સમયમાં અમલી હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ અપાયેલ જાપ્તાના અન્ય સ્થળ અથવા કાળજી અને સંભાળ લેવાની સંસ્થા/સ્થળે, સંચાલક અથવા કર્મચારી– વર્ગનો સભ્ય હોઈને આવી જેલ અથવા રિમાન્ડ હોમ (બાળ–ગૃહ) અથવા સંરક્ષણ ગૃહ, અન્વેષણ ગૃહ (ઓબ્ઝવેશન હોમ) અથવા જાપ્તાનુ અન્ય કોઈપણ સ્થળ અથવા કાળજી અને સંભાળમાં રહેતા કોઈપણ અંતેવાસી બાળક ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(ઈ) જે કોઈ વ્યકિત, સરકારી અથવા ખાનગી હોસ્પીટલના સંચાલક અથવા કર્મચારી–વર્ગનો હોય, તેવી હોસ્પીટલમાં બાળક ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(એફ) જે કોઈ વ્યકિત, શૈક્ષણિક અથવા ધાર્મિક સંસ્થાનો સંચાલક અથવા કર્મચારી–વર્ગનો હોઈ, સંસ્થામાં બાળક ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(જી) જે કોઈપણ, બાળક ઉપર સામૂહિક જાતીય–હુમલો કરે.

**ખુલાસા :** જયારે એક અથવા એક થી વધુ વ્યકિતઓ સમૂહમાં મળીને પોતાના સામાન્ય હેતુસર બાળક ઉપર જાતીય હુમલો કરે, તો ત્યાં જાતીય–હુમલા માટેના અર્થની અંદર આવી દરેક વ્યકિત આવરી લેવામાં આવશે અને આવી દરેક વ્યકિતએ આ કૃત્ય માટે સમાન રીતે જવાબદાર ગણવામાં આવશે, કે જેને તેના એકલા દ્વારા કરવામાં આવ્યુ હોય; અથવા

(એચ) જે કોઈપણ, બાળક ઉપર પ્રાણઘાતક હથિયાર, ગોળીબાર (fire), મારવા માટેનુ કોઈપણ સાધન (heated-substance) અથવા ધાક–ધમકીના કોઈપણ સાધનના ઉપયોગ કરીને બાળક ઉપર જાતીય હુમલો કરે; અથવા

(આઈ) જે કોઈપણ બાળકને મહાવ્યથા અથવા શારીરિક નુકશાન અથવા ઇજા પહોંચાડીને અને બાળકના ગુપ્ત અંગોને ઇજા પહોંચાડીને જાતીય–હુમલો કરે; અથવા

(જે) જે કોઈપણ, બાળક ઉપર જાતીય–હુમલો કરે, કે જે,–

(i) બાળકને, મેન્ટલ હેલ્થ એકટ, ૧૯૮૭ (૧૯૮૭ના ૧૪માં) ની કલમ–૨ ના કલોઝ–બી માં વર્ણવીત કરવામાં આવેલ વ્યાખ્યાનુસાર શારીરિક રીતે અસક્ષમ બને અથવા માનસિક રીતે બીમાર થાય અથવા એવી કોઈપણ પ્રકારની ઇજાને લીધે બાળક કામચલાઉ અથવા કાયમી ધોરણે પોતાના નિયમિત કાર્યો કરવા માટે અસક્ષમ બનાવે; અથવા

(ii) બાળકને, ચેપી માનવીય જંતુ (HIV) અથવા અન્ય કોઈપણ જીવને ભયમાં મૂકતા રોગો અથવા એવો ચેપ (Infection) કે જેનાથી તે કામચલાઉ અથવા કાયમી રીતે શારીરિક રીતે અસક્ષમ બને અથવા માનસિક રીતે બીમાર બને કે જેના લીધે બાળક પોતાના નિયમિત કાર્યો બજાવી શકવા માટે અસમર્થ બનાવે; અથવા

(કે) જે કોઈપણ, બાળકની માનસિક અથવા શારીરિક અસક્ષમતાનો લાભ લઈ બાળક ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(એલ) જે કોઈપણ, એક થી વધારે વાર અથવા વારંવાર બાળક ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(એમ) જે કોઈપણ, બાર વર્ષથી નીચેની વયના બાળક ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(એન) જે કોઈપણ, બાળકનો સગો–વ્હાલો હોય કે જે લોહીના અથવા દત્તકવિધાનના અથવા લગ્નના અથવા વાલીપણાના અથવા ઉછેર–કાળજીના અથવા બાળકના માતા–પિતા સાથે કૌટુંબિક સગપણના અથવા બાળક સાથે સમાન અથવા એક જ ઘરમાં સરખી ભાગીદારીથી રહેતો હોય, તેવો સંબંધ ધરાવનાર દ્વારા બાળક ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(ઓ) જે કોઈપણ, સંસ્થા કે જે બાળકને કોઈપણ સેવા પૂરી પાડતી હોય, તેનો કોઈ માલિક, અથવા વ્યવસ્થાપક અથવા કર્મચારી–ગણ હોય, તે સંસ્થામાં તેના દ્વારા બાળક ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(પી) જે કોઈપણ, ટ્રસ્ટ અથવા સત્તાધિકારીની રૂ એ હોય, સંસ્થા અથવા ઘર અથવા અન્યથા કોઈ જગ્યા એ બાળક ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(કયુ) જે કોઈપણ, બાળક ગર્ભવતી છે, તે જાણવા છતાં તેની ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(આર) જે કોઈપણ, બાળક ઉપર જાતીય–હુમલો કરે અને તેને મારી નાખવાનો પ્રયત્ન કરે; અથવા

(એસ) જે કોઈપણ, કોમી (Communal) અથવા સાંપ્રદાયિક (Sectarian) હિંસાના સમયે બાળક ઉપર જાતીય–હુમલો કરે; અથવા

(ટી) જે કોઈપણ, બાળક ઉપર જાતીય–હુમલો કરે અને જે અગાઉ પણ આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના અથવા તત્સમયે અમલી કોઈપણ કાયદા અન્વયે શિક્ષાપાત્ર જાતીય–ગુના માટે દોષિત ઠરેલો હોય; અથવા

(યુ) જે કોઈપણ, બાળક ઉપર જાતીય–હુમલો કરે અને જાહેરમાં નગ્ન અથવા નગ્ન કવાયત કરાવે;

તેણે બાળક ઉપર જાતીય–હુમલો કર્યો કહેવાશે.

**૧૦. ઉગ્ર જાતીય–હુમલા માટેની શિક્ષા (Punishment for aggravated sexual assault) :**

જે કોઈપણ, બાળક ઉપર ઉગ્ર જાતીય–હુમલો કરશે તેને, બન્નેમાંથી કોઈપણ પ્રકારની, પાંચ વર્ષ કરતા ઓછી ન હોય, પરંતુ જેને દશ વર્ષ સુધી વિસ્તારી શકાય તેટલા સમય માટેના કારાવાસની શિક્ષા અને તે દંડને પાત્ર પણ ઠરશે.

## (ઈ) જાતીય–સતામણી અને તેના માટેની શિક્ષા

## (Sexual harassment and punishment therefor)

**૧૧. જાતીય–સતામણી (Sexual harassment).-**

એવી વ્યકિત, કે જે વ્યકિત જાતીય ઈરાદા સાથે,–

(i) કોઈ શબ્દ ઉચ્ચારે અથવા કોઈ અવાજ કાઢે કે જેને બાળક સાંભળી શકે, અથવા કોઈપણ હાવભાવ દ્વારા અથવા ઈરાદાથી કોઈ વસ્તુ કે શરીરનો કોઈપણ અંગ બતાવે કે જેને બાળક જોઈ શકે; અથવા

(ii) બાળકને તેના શરીર અથવા તેના શરીરનો કોઈપણ ભાગને એવી રીતે પ્રદર્શીત કરાવે કે, તેને આવી વ્યકિત અથવા અન્ય કોઈ વ્યકિત જોઈ શકે; અથવા

(iii) નગ્ન કામચેષ્ટાના ઈરાદા સાથે પ્રચાર–પ્રસારના માધ્યમ અથવા અન્ય કોઈપણ રીત દ્વારા બાળકને કોઈ વસ્તુ તરીકે દેખાડવો; અથવા

(iv) પ્રત્યક્ષ રીતે કાં તો ઈલેકટ્રોનીક અથવા તો આંકડાકીય રીતે અથવા અન્ય કોઈપણ સાધન દ્વારા વારંવાર અથવા સતત બાળકનો પીછો કરવો અથવા નજર રાખવી; અથવા

(v) બાળકને કોઈપણ પ્રચાર–પ્રસારના કોઈપણ માધ્યમ દ્વારા, વાસ્તવિક કે બનાવટી/ખોટી રીતના ચિત્ર/શબ્દોમાં કે જે ઈલેકટ્રોનીક, ચલચિત્ર અથવા આંકડાકીય અથવા અન્ય કોઈપણ રીતના માધ્યમ દ્વારા, બાળકના શરીરના કોઈપણ ભાગને અથવા બાળકને સાંકળીને જાતીય–કૃત્ય માટે રજૂ કરીને ઉપયોગ કરવાની ધમકી આપવી; અથવા

(vi) નગ્ન કામચેષ્ટાના હેતુસર બાળકને લલચાવવો અથવા આના માટે બાળકને ઉપહાર આપવો;

તેઓ એ બાળક ઉપર જાતીય–સતામણી કરે છે, તેમ કહેવાય.

**ખુલાસા :** "જાતીય–ઈરાદા" સંબંધીત કોઈપણ સંલગ્નતાનો પ્રશ્ન એ "હકીકતનો પ્રશ્ન" ગણાશે.

**૧૨. જાતીય–સતામણી માટેની શિક્ષા (Punishment for sexual harassment)** :

જે કોઈપણ, બાળક ઉપર જાતીય– સતામણીનો ગુનો કરશે તેને, બન્નેમાંથી કોઈપણ પ્રકારની કારાવાસ કે જેને ત્રણ વર્ષ સુધીની કોઈપણ સમયગાળા માટેની કારાવાસની શિક્ષા થઈ શકાશે અને તે દંડને પાત્ર પણ ઠરશે.

**પ્રકરણ : ૩**

**અશ્લીલના સાહિત્યના ઉદ્દેશસર બાળકનો ઉપયોગ અને તેના માટેની શિક્ષા**

**(Using child for pornographic purposes and punishment therefor)**

**૧૩. અશ્લીલના સાહિત્યના ઉદ્દેશ માટે બાળકનો ઉપયોગ (Use of child for pornographic purposes).-**

જે કોઈપણ, પ્રચાર–પ્રસારના માધ્યમની કોઈપણ રીતના (કે જેમાં ટેલિવિઝન ચેનલ અથવા ઇન્ટરનેટ અથવા અન્ય બીજા કોઈપણ ઈલેકટ્રોનીક માધ્યમ દ્વારા પ્રસારીત કાર્યક્રમ કે જાહેર–ખબર અથવા છાપેલ માધ્યમ, આવા કાર્યક્રમ અથવા જાહેર–ખબરનો ઉદ્દેશ વ્યકિતગત ઉપયોગ માટેનો અથવા વહેંચણી માટેનો હોય કે ન હોય, તે પણ સમાવિષ્ટ થાય છે), જાતીય–સંતૃપ્તી માટેના ઉદ્દેશસર, કે જેમાં,–

(એ) બાળકના જાતીય–ઇન્દ્રિયો (Sexual-Organs)ને દર્શાવું;

(બી) વાસ્તવિક અથવા ખોટા જાતીય–કૃત્યમાં બાળકને સંલગ્ન કરવા માટે ઉપયોગ (પ્રવેશ સહિત અથવા વગર) કરવો;

(સી) બાળકને અશ્લીલ (Indecent) અથવા બીભત્સ (Obscene) રીતે દર્શાવવો;

તે અશ્લીલ કામગીરીના ઉદ્દેશ માટે બાળકના ઉપયોગના ગુના માટે દોષીત ગણવામાં આવશે.

**ખુલાસા :** આ કલમના ઉદ્દેશ માટે, "બાળકનો ઉપયોગ" શબ્દજૂથમાં કોઈપણ પ્રચાર–પ્રસારના માધ્યમથી અશ્લીલતા સંબંધી સાધન સામગ્રીને, જેમકે,– છાપેલા, ઈલેકટ્રોનીક, કોમ્પ્યુટર અથવા અન્ય કોઈપણ પ્રૌદ્યોગિકી (Technology) દ્વારા અશ્લીલ સાહિત્ય તૈયાર કરવુ, બનાવવા, પ્રસ્તુત કરવી, સંદેશો/પ્રસારણ કરવું, પ્રકાશિત કરવું (Publishing), આગળ વધારવા માટે મદદ કરવા (Facilitation) અને વહેંચણી કરવાને સંલગ્નતામાં સમાવેશ થાય છે.

**૧૪. અશ્લીલ સાહિત્યના ઉદ્દેશ માટે બાળકના ઉપયોગ માટે શિક્ષા (Punishment for use of child for pornographic purposes).-**

(૧) જે કોઈપણ, બાળક અથવા બાળકોનો અશ્લીલ સાહિત્યના ઉદ્દેશ માટે ઉપયોગ કરશે, તેને પાંચ વર્ષ સુધીની કોઈપણ પ્રકારની કોઈપણ સમયગાળા માટે કારાવાસની શિક્ષા આપી શકાશે અને તે દંડને પાત્ર પણ ઠરશે, અને બીજીવાર અથવા અનુગામી (Subsequent) રીતે દોષિત ઠરશે તો તેને કારાવાસની શિક્ષા સાત વર્ષ સુધી વિસ્તારી શકાશે, અને દંડને પાત્ર પણ ઠરશે.

(૨) જો આવી વ્યકિત, બાળકનો ઉપયોગ અશ્લીલ સાહિત્યના ઉદ્દેશસર સીધી રીતે નગ્ન–કામચેષ્ટાના સંબંધી કૃત્યમાં ભાગીદાર બનાવીને, કલમ–૩ માં દર્શાવવામાં આવેલ ગુનો કરે તો તેને કોઈપણ સમયગાળા માટે, કોઈપણ પ્રકારની, કારાવાસની શિક્ષા આપી શકાશે કે જે દશ વર્ષ કરતા ઓછી ન હોય પણ જેને આજીવન કારવાસ સુધી વિસ્તારી શકાશે, અને દંડને પાત્ર ઠરશે.

(૩) જો આવી વ્યકિત, બાળકનો ઉપયોગ અશ્લીલ સાહિત્યના ઉદ્દેશસર માટે સીધી રીતે નગ્ન–કામચેષ્ટાના કૃત્યમાં ભાગીદાર બનાવીને કલમ–૫ માં દર્શાવવામાં આવેલ ગુનો કરે તો તેને સખત આજીવન કારાવાસની શિક્ષા ફરમાવવામાં આવશે અને દંડને પાત્ર ઠરશે.

(૪) જો આવી વ્યકિત, બાળકનો ઉપયોગ અશ્લીલ સાહિત્યના ઉદ્દેશસર સીધી રીતે નગ્ન–કામચેષ્ટા સંબંધી કૃત્યમાં ભાગીદાર બનાવીને, કલમ–૭ માં દર્શાવવામાં આવેલ ગુનો કરે તો તેને કોઈપણ સમયગાળા માટે કારાવાસની શિક્ષા આપી શકાશે કે જે છ વર્ષ કરતા ઓછી ન હોય પણ આઠ વર્ષ સુધી વિસ્તારી શકાશે, અને દંડને પાત્ર ઠરશે.

(૫) જો આવી વ્યકિત, બાળકનો ઉપયોગ અશ્લીલ સાહિત્યના ઉદ્દેશસર સીધી રીતે નગ્ન–કામચેષ્ટા સંબંધી કૃત્યમાં ભાગીદાર બનાવીને, કલમ–૯ માં દર્શાવવામાં આવેલ ગુનો કરે તો તેને કોઈપણ સમયગાળા માટે, કોઈપણ પ્રકારના કારાવાસની શિક્ષા આપી શકાશે કે જે આઠ વર્ષ કરતા ઓછી ન હોય પણ જેને દશ વર્ષ સુધી વિસ્તારી શકાશે, અને દંડને પાત્ર ઠરશે.

**૧૫. બાળકને સાંકળતા નગ્ન કામચેષ્ટા સંબંધી અશ્લીલ સાહિત્ય–સામગ્રી એકત્રીત (જમા) કરવા માટેની શિક્ષા (Punishment storage of child for pornographic material involving child):**

કોઈ વ્યકિત, કે જે બાળકને સાંકળતા નગ્ન–કામચેષ્ટા સંબંધી અશ્લીલ સાહિત્ય–સામગ્રીના વાણિજિયક હેતુ માટે એકત્રીત કરે, તેને ત્રણ વર્ષ સુધી વિસ્તારી શકાય તેટલા સમય માટે કારાવાસની શિક્ષા અથવા દંડ અથવા બન્નેને પાત્ર ઠરશે.

## પ્રકરણ : ૪

## ગુનો કરવામાં મદદગારી અથવા પ્રયાસ

## (Abetment of and attempt to commit an offence)

### ૧૬. ગુનો કરવામાં મદદગારી (Abetment of an offence) :

જે વ્યકિત એ ગુનો કરવામાં મદદ કરે કે જે,–

**પ્રથમ :** આવો ગુનો કરવા માટે કોઈપણ વ્યકિતને ઉશ્કેરે (Instigates); અથવા

**બીજુ :** એક અથવા વધુ બીજી વ્યકિત કે વ્યકિતઓને આવો ગુનો કરવા માટેના કોઈપણ ષડયંત્ર માટે રોકવા, અને આ ગુનો થતા સમયે, જો આવા ષડયંત્રને લીધે આવું ગેરકાયદેસર કાર્ય અથવા કાર્યલોપ થયુ હોય; અથવા

**ત્રીજુ :** કોઈપણ ગેરકાયદેસર કાર્ય અથવા કાર્યલોપ દ્વારા આવો ગુનો કરવામાં ઈરાદાપૂર્વક મદદ કરે.

**ખુલાસા–૧ :** આવી વ્યકિત જે, જાણી જોઈને ગેર–રજૂઆત (misrepresentation), અથવા જાણી જોઈને સાહિત્ય–સામગ્રીની હકીકતને છૂપાવે (concealment), કે જેને સ્પષ્ટ કરવા માટે બંધાયેલ છે, સ્વૈચ્છીક રીતે કરશે કે ઉપલબ્ધ કરાવશે, અથવા આવુ કરવાનુ કે આવુ કરવાનુ ઉપલબ્ધ કરવાનો પ્રયત્ન કરે, તેને આ ગુના કરવાની ઉશ્કેરણી કરી કહેવાશે.

**ખુલાસા–૨ :** જે કોઈપણ, કાં તો આ કૃત્ય બનવા થી પહેલા અથવા આના બનવા સમય દરમ્યાન, આવુ કૃત્ય બનવા માટે કોઈપણ પ્રકારની સહયતા કરી આપે અને આવી સહાયતા/સુવિદ્યાને લીધે ઘટના બને તો તેણે ગુનો કરવામાં મદદગારી કરી કહેવાશે.

**ખુલાસા–૩ :** જે કોઈપણ, બાળકને રોકે (employ), આશ્રય (harbours) આપે, મેળવે અથવા એક જગ્યા એ થી બીજી જગ્યા એ વહન (transports) કરે કે જે ધમકી (threats) અથવા બળ પ્રયોગ અથવા અન્ય કોઈપણ સ્વરૂપની જબરજસ્તી (coercion), અપહરણ (abduction), છેતરપિંડી/કપટ (fraud), દગા/છળકપટ (deception), સત્તા અથવા પદના દુરપયોગ દ્વારા સ્વૈચ્છીક અથવા ચુકવણીની આપ–લે અથવા આ અધિનિયમ અન્વયે બનતા કોઈપણ ગુનાના ઉદ્દેશસર અન્ય વ્યકિત ઉપર પ્રભુત્વ/નિયંત્રણ ધરાવનાર વ્યકિતને લાભ મળે તે માટે સંમતિ આપવાને માટે કૃત્ય કરે છે, તેણે આ ગુનો કરવામાં મદદગારી કરી કહેવાશે.

### ૧૭. મદદગારી માટે ની શિક્ષા (Punishment for abetment) :

જે કોઈપણ, આ અધિનિયમ અન્વયેનો કોઈપણ ગુના માટે મદદગારી કરે જેના પરિણામ સ્વરૂપ મદદગારીના લીધે ગુનો બને, તો તેને તે ગુના માટે કરવામાં આવેલ શિક્ષાની જોગવાઈ અનુસારની શિક્ષા થશે.

**ખુલાસા :** મદદગારીને લીધે આવુ જણાવેલુ કૃત્ય અથવા ગુનો બન્યો કહેવાય, જયારે આ ઉશ્કેરણીના પરિણામ સ્વરૂપ બન્યો હોય, અથવા ષડયંત્ર (Conspiracy)ના અનુસરણ અથવા તેના માટેની સહાય કે જે મદદગારીના લીધે બન્યો હોય.

### ૧૮. ગુનો કરવાના પ્રયાસ માટેની શિક્ષા (Punishment for attempt to commit an offence) :

જે કોઈપણ, આ અધિનિયમ અંતર્ગત કોઈ શિક્ષાપાત્ર ગુનો કરવામાં પ્રયત્ન કર્યો હોય અથવા એવો ગુનો કરવામાં કારણરૂપ બન્યો હોય, અને એવા પ્રયત્નમાં, આ ગુનો બનવાની દિશામાં કોઈ કૃત્ય કર્યું હોય, તેને કોઈપણ સમયગાળા માટેની કારાવાસની શિક્ષા આપી શકાશે કે જેને આજીવન કારાવાસ સુધી લંબાવી શકાશે અથવા વધુમાં વધુ કારાવાસના કિસ્સામાં અડધા સમયાવધિ માટેની કારાવાસની શિક્ષા અથવા દંડ અથવા બન્ને.

## પ્રકરણ : ૫

## ગુનો નોંધવા માટેની પ્રક્રિયા (Procedure for reporting of cases)

### ૧૯. ગુનાઓની નોંધણી (Reporting of offences) .-

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (૧૯૭૪ના ૨ જો) માં ગમે તે આપ્યુ હોય, તેને બાધ આવ્યા સિવાય, કોઈપણ વ્યકિત (બાળક સહિત), જેને આ અધિનિયમ અન્વયે કોઈ ગુનો બનવાની શકયતાનુ અનુમાન હોય અથવા આ ગુનો થયો છે, તેવી જાણકારી હોય, તે આની સૂચના,–

(એ) ખાસ કિશોર પોલીસ એકમ, અથવા

(બી) સ્થાનીક પોલીસને આપશે.

(૨) પેટા–કલમ (૧) અંતર્ગત આપવામાં આવેલ દરેક નિવેદનો ને,–

(એ) એક વિશેષ નોંધણી નંબર આપી અને તેની લેખિતમાં નોંધ કરવી;

(બી) સૂચના આપનારને વાંચી સંભળાવવી;

(સી) પોલીસ એકમ દ્વારા રાખવામાં આવેલ પુસ્તીકામાં આની નોંધ કરવાની રહેશે.

(૩) જયારે પેટા–કલમ (૧) અંતર્ગત આ માહિતી/નિવેદન બાળક દ્વારા આપવામાં આવ્યા હોય, ત્યાં પેટા–કલમ (૨) અંતર્ગત સામાન્ય ભાષામાં લખવાના રહેશે, જેથી બાળક આ માહિતી/નિવેદનના નોંધના તત્વોને સમજી શકે.

(૪) જે કિસ્સામાં, નોંધની ભાષાને બાળક સમજી શકવા માટે સક્ષમ ન હોય અથવા જયાં આની આવશ્યકતા ઉભી થઈ હોય, ત્યાં બાળકને લાયકાત અને અનુભવ ધરાવતાં અનુવાદક (Translator) અથવા અર્થઘટનકાર (Interpreter) ની સહાયતા અપાશે અને નિયત કર્યાંનુસારની ફી ની ચુકવણી કરશે.

(૫) જયારે ખાસ કિશોર પોલીસ એકમ અથવા સ્થાનિક પોલીસ સંતુષ્ટ હોય કે બાળક, કે જેની સામે ગુનો બન્યો છે, તે કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળુ બાળક છે, તો ત્યાં આ કારણોની લેખિતમાં નોંધ કર્યા પછી, તેને એવી કાળજી અને રક્ષણ (જેમાં બાળકને સંરક્ષણ ગૃહ અથવા નજીકના દવાખાનામાં દાખલ કરવા) ની તુરંત વ્યવસ્થા કરશે, સુચના મળ્યાના ચોવીસ કલાકની અંદર, જે નિર્ધારીત કરવામાં આવ્યુ હોય.

(૬) ખાસ કિશોર પોલીસ એકમ અથવા સ્થાનિક પોલીસ, અકારણ વિલંબ કર્યા વગર, પણ ચોવીસ કલાકની અંદર, આની જાણ બાળકની કાળજી અને રક્ષણની જરૂરીયાત અને આના હેઠળ લીધેલા પગલાઓની જાણ બાળ કલ્યાણ સમિતિ અને વિશેષ અદાલત અથવા જયાં વિશેષ અદાલત નિયુકત ન હોય, ત્યાં સેસન્સ અદાલતને જણાવવાની રહેશે.

(૭) પેટા–કલમ (૧) અંતર્ગત, શુધ્ધબુધ્ધિથી સુચના આપનાર વ્યકિત, દીવાની કે ફોજદારી જવાબદારી માટે જવાબદાર બનતો નથી.

**૨૦. કેસોના હેવાલ માટે પ્રચાર–પ્રસાર, સ્ટુડિયો અને ફોટોગ્રાફિક સુવિધા માટેનુ બંધન (Obligation of media, studio and photographic facilities to report cases).-**

મીડિયા અથવા હોટેલ અથવા લોજ અથવા હોસ્પીટલ અથવા કલબ અથવા સ્ટૂડિયો અથવા ફોટોગ્રાફિક સુવિધા સાથે જોડાયેલ કોઈપણ સંસ્થા કે જે નામથી ઓળખાતી હોય, ત્યાં કેટલી સંખ્યામાં વ્યકિતઓ રોકાયેલા છે, તેને ધ્યાનમાં લીધા સિવાય, કોઈપણ સાધન–સામગ્રી અથવા સાહિત્ય–સામગ્રીના સંપર્કમાં આવે કે જેમાં બાળકનું જાતીય–શોષણ, આમાંના કોઈપણ માધ્યમના ઉપયોગ દ્વારા કરવામાં આવી રહયુ હોય, (જેમાં નગ્ન–કામચેષ્ટા સંબંધી અશ્લીલ સાહિત્ય, જાતીયતાથી સંબંધીત અથવા બાળક કે બાળકોને બીભત્સ રીતે દર્શાવવાનો સમાવેશ થાય છે), તે અંગેની માહિતી કિસ્સાનુસાર જે કાંઈપણ હોય, વિશિષ્ટ બાળ પોલીસ એકમ, અથવા સ્થાનિક પોલીસને પૂરી પાડવી.

## ૨૧. કેસનો હેવાલ અથવા નોંધણી કરવામાં નિષ્ફળતા માટેની શિક્ષા (Punishment for failure to report or record a case).-

(૧) કોઈપણ વ્યકિત, આ અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ(૧) અથવા કલમ–૨૦ અન્વયેના ગુનો બન્યાનો હેવાલ આપવામાં નિષ્ફળ જાય છે અથવા આ અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ(૨) અન્વયે બનેલા ગુનાની નોંધણી કરવામાં નિષ્ફળ જાય છે, તેને કોઈપણ સમયગાળા માટેની કારાવાસની શિક્ષા કે જેને છ માસ સુધી વિસ્તારી શકાય તેની અથવા દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકશે.

(૨) કોઈપણ વ્યકિત, કે જેને આધીન કોઈ કંપની અથવા સંસ્થા (કે જે કોઈપણ નામે ઓળખાતી હોય), તેઓના નિયંત્રણમાં કામ કરતી કોઈપણ નીચલા હોદ્દાના વ્યકિત સંબંધી થયેલા કલમ–૧૯ની પેટા–કલમ(૧) અન્વયે આવા ગુનાની નોંધણી કરવામાં નિષ્ફળ રહે છે, તેને કાં તો નિર્દિષ્ટ કરવામાં આવેલ સમયગાળા માટેની શિક્ષા કે જેને એક વર્ષ સુધી વિસ્તારી શકાય તેટલી કારાવાસની અને દંડની શિક્ષા થશે.

(૩) આ અધિનિયમની પેટા–કલમ(૧) ની જોગવાઈઓ બાળક ઉપર અમલી બનશે નહી.

## ૨૨. ખોટી ફરીયાદ અથવા ખોટી માહિતી માટેની શિક્ષા (Punishment for false complaint or false information).-

(૧) કોઈપણ વ્યકિત, જે કલમ–૩, ૫, ૭ અને કલમ–૯ અન્વયેના ગુનો બનવા સંબંધી કોઈપણ વ્યકિત વિરુધ્ધ ખોટી ફરીયાદ કરે અથવા ખોટી માહિતી આપે કે જેનો સીધો સંબંધ તેઓને હલકા પાડવા (Humiliate), જોરજબરજસ્તીથી (Extort) અથવા ધમકી અથવા બદનક્ષી (Defame) કરવાના ઈરાદાથી લાવવામાં આવી હોય, તે છ માસ સુધી વિસ્તારી શકાય તેટલા કોઈપણ સમયગાળા માટે કારાવાસની શિક્ષાને અથવા દંડ અથવા બન્નેને પાત્ર ઠરશે.

(૨) જયારે બાળક દ્વારા આવી ખોટી ફરીયાદ કરવામાં આવી હોય અથવા ખોટી માહિતી પૂરી પાડવામાં આવી હોય તો ત્યાં તે કોઈપણ શિક્ષાને પાત્ર બનતો નથી.

(૩) જે કોઈપણ, બાળક નથી, આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના માટે ખોટુ છે તેવુ જાણવા છતાં, બાળકની વિરુધ્ધ ખોટી ફરીયાદ કરે છે અથવા ખોટી માહિતી પૂરી પાડે, કે જેથી બાળક પીડિત બની જાય, તો ત્યાં તેઓને એક વર્ષ સુધી વિસ્તારી શકાય તેટલી કારાવાસની અથવા દંડની અથવા બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

## ૨૩. પ્રચાર–પ્રસારના માધ્યમ માટેની પ્રક્રિયા (Procedure for Media).-

(૧) કોઈપણ વ્યકિત, કોઈપણ બાળક વિરુધ્ધ કોઈપણ હેવાલ અથવા પ્રતિભાવ મીડિયા અથવા સ્ટૂડિયો અથવા ફોટોગ્રાફીક સુવિધામાંની કોઈપણ રીત દ્વારા સંપૂર્ણ અને અધિકૃત માહિતી વગર પ્રસ્તુત કરી શકશે નહી કે જેની અસર તેની આબરૂમાં ઘટાડો અથવા તેની ગુપ્તતાનુ ઉલ્લંઘન થાય તેવુ હોય.

(૨) કોઈપણ મીડિયા (પ્રચાર–પ્રસારના માધ્યમો) બાળકની ઓળખ છતી થતી હોય કે જેમાં તેનુ નામ, સરનામુ, ફોટોગ્રાફ, કૌટુંબિક વિગતો, શાળાનુ નામ, પાડોશી અથવા અન્ય બીજી ચોક્કસ વિગતો કે જેના લીધે બાળકની ઓળખ છતી થતી હોય, તેવા હેવાલને પ્રકાશીત કરી શકશે નહી.

જોગવાઈ એવી છે કે, આ અધિનિયમ અન્વયેની ઇન્સાફી કાર્યવાહીને અધિકૃતતા આપવા માટે વિશેષ અદાલતનો અભિપ્રાય એવો હોય કે જો બાળકના હિત ખાતર આવી (માહિતી) છતી કરવામાં આવે તો (અદાલત) લેખિતમાં કારણોની નોંધણી કરી, આવી પરવાનગી આપી શકશે.

(૩) પ્રચાર–પ્રસારના માધ્યમ અથવા સ્ટૂડિયો અથવા ફોટોગ્રાફિકલ સુવિધા ધરાવનાર પ્રકાશક અથવા માલિક તેના કર્મચારીના કૃત્ય અથવા કૃત્ય–લોપ માટે સંયુકત રીતે અથવા અલગ રીતે જવાબદાર ઠરશે.

(૪) કોઈપણ વ્યકિત, કે જે પેટા–કલમ(૧) અથવા પેટા–કલમ(૨) ની જોગવાઈઓનો ભંગ કરે તો તેને છ માસ કરતા ઓછી ન હોય કે જેને એક વર્ષ સુધી વિસ્તારી શકાય તેવી કારાવાસની અથવા દંડની અથવા બન્ને શિક્ષા આપી શકાશે.

## પ્રકરણ : ૬

## બાળકના નિવેદન નોંધવા માટેની પ્રક્રિયા

## (Procedure for recording statement of the child)

### ૨૪. બાળકના નિવેદનની નોંધણી (Recording of Statement of the Child) :

(૧) બાળકના નિવેદનની નોંધણી કાં તો તેના ઘરે અથવા બાળક જે જગ્યા એ સામાન્ય રીતે રહેતો હોય ત્યાં અથવા તેની મનપસંદ જગ્યાએ સબ–ઈન્સ્પેકટરથી નીચલો દરજજો ધરાવતો ન હોય, જયાં સુધી શકય હોય ત્યાં સુધી, મહિલા પોલીસ–અધિકારી દ્વારા નોંધવામાં આવશે.

(૨) બાળકનુ નિવેદન નોંધતી વખતે પોલીસ–અધિકારી પોલીસ–યુનિફોર્મ (ગણવેશ) માં ન હોવા જોઈએ.

(૩) પોલીસ–અધિકારી તપાસ હાથ ધરતી વખતે, તેઓ એ એવી ખાતરી આપશે કે તે કોઈપણ સમયે બાળક આરોપી સાથે કોઈપણ રીતથી સંપર્કમાં આવ્યુ હોવું જોઈએ નહી.

(૪) કોઈપણ કારણોસર બાળકને રાત્રી સમયે પોલીસ–સ્ટેશનમાં અટકાવી શકાશે નહી.

(૫) પોલીસ–અધિકારી એ બાળકની ઓળખ સંબંધી સુરક્ષાની ખાતરી આપવી પડશે કે, બાળકના હિત ખાતર વિશેષ અદાલતે આપેલા નિર્દેશો સિવાય અન્યથા તેની ઓળખ જાહેર પ્રચારના માધ્યમોમાં છતી ન થાય, તે અંગે બાળકને રક્ષણ આપવામાં આવશે.

### ૨૫. મેજિસ્ટ્રેટ દ્વારા બાળકના નિવેદનની નોંધણી (Recording of statement of a child by Magistrate).-

(૧) જયારે બાળકનું નિવેદન ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (૧૯૭૪ના ૨ જા) (આથી સંહિતાથી સંદર્ભીત કરવામાં આવે છે) ની કલમ–૧૬૪ અન્વયે નોંધણી કરવામાં આવતી હોય, મેજિસ્ટ્રેટે આ નિવેદનની નોંધણી કરતા હોય, તેમાં જે પણ કહેવામાં આવ્યુ હોય, જેવી રીતે બાળક દ્વારા કહેવામાં આવ્યુ હોય, તે રીતે નોંધ કરશેઃ

જોગવાઈ એવી છે કે, સંહિતાની કલમ–૧૬૪ની પેટા–કલમ(૧) ના પહેલા પરંતુકમાં કરવામાં આવેલી જોગવાઈ કે જે આરોપીના વકીલની હાજરને સ્પષ્ટ કરે છે, તે આ કલમને લાગુ પડશે નહી.

(૨) મેજિસ્ટ્રેટે બાળકને અને તેના માતા–પિતા અથવા પ્રતિનિધિને પોલીસ દ્વારા સંહિતાની કલમ–૧૭૩ અન્વયે અંતિમ અહેવાલ આપ્યા બાદ, સંહિતાની કલમ–૨૦૭ અન્વયે વિશિષ્ટ દસ્તાવેજોની નકલ આપશે.

**૨૬. નિવેદન નોંધણી સંબંધી વધારાની જોગવાઈઓ (Additional Provisions regarding Statement to be recorded).-**

(૧) મેજિસ્ટ્રેટ અથવા પોલીસ–અધિકારી, કિસ્સાનુસાર જે હોય, બાળક દ્વારા કહેવામાં આવેલા નિવેદન, બાળકના માતા–પિતાની હાજરી અથવા એવી કોઈપણ વ્યકિત કે જેના ઉપર બાળકને વિશ્વાસ અથવા ભરોસો હોય, તેની હાજરીમાં નિવેદનોની નોંધણી કરશે.

(૨) બાળકના નિવેદનની નોંધણી કરતી વખતે, જયાં પણ આવશ્યકતા હોય, કિસ્સાનુસાર મેજિસ્ટ્રેટ અથવા પોલીસ–અધિકારી, આવી લાયકાત, અનુભવ ધરાવતાં અનુવાદક (Translator) અથવા અર્થઘટનકાર (Interpreter) ની સહાયતા લઈ શકશે અને નિયત કર્યાનુસારની ફી ની ચુકવણી કરશે.

(૩) મેજિસ્ટ્રેટ અથવા પોલીસ–અધિકારી, કિસ્સાનુસાર, માનસિક અથવા શારીરિક અસક્ષમતા ધરાવતાં બાળકના કેસમાં ખાસ કેળવણીકાર અથવા કોઈપણ સુપરિચિત (Familiar) વ્યકિત કે જે બાળક સાથે વાર્તાલાપ કરવાની રીત અથવા આ ક્ષેત્રનો નિષ્ણાત હોય, એવી લાયકાત, અનુભવ ધરાવતી વ્યકિતની સહાયતા લઈ શકશે અને નિયત કર્યાનુસારની ફી ની ચુકવણી કરશે.

(૪) જયાં પણ શકય હોય, મેજિસ્ટ્રેટ અથવા પોલીસ–અધિકારી, કિસ્સાનુસાર જે કાંઈપણ હોય, બાળક દ્વારા અપાયેલા નિવેદનને શ્રાવ્ય–દ્રશ્ય (Audio-Video), ઈલેકટ્રોનિક રીત દ્વારા નોંધણીની ખાતરી આપશે.

**૨૭. બાળકની તબીબી–તપાસ (Medical examination of a child).-**

(૧) જે બાળકના સંબંધે, આ અધિનિયમ અન્વયે કોઈ ગુનો બન્યો હોય, અને તેના સંબંધે આ અધિનિયમ અંતર્ગત પ્રાથમિક માહિતી અહેવાલ કે ફરીયાદ ના થઈ હોય, તેને ધ્યાનમાં લીધા વગર ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો) ની કલમ–૧૬૪એ અન્વયે તેની તબીબી તપાસ કરવાની રહેશે.

(૨) બાળ–છોકરીના કિસ્સામાં, આવી તબીબી તપાસ સ્ત્રી તબીબ દ્વારા હાથ ધરવામાં આવશે.

(૩) બાળકની તબીબી તપાસ તેના માતા–પિતા અથવા અન્ય એવી વ્યકિત કે જેના ઉપર (બાળકને) વિશ્વાસ અથવા ભરોસો હોય, તેની હાજરીમાં હાથ ધરવામાં આવશે.

(૪) જયારે, પેટા–કલમ(૩) માં સંદર્ભીત બાળકના માતા–પિતા અથવા અન્ય વ્યકિત, બાળકની તબીબી તપાસ દરમ્યાન, કોઈપણ કારણોસર હાજર થઈ શકયા ન હોય, તો ત્યાં બાળકની તબીબી તપાસ તબીબી–સંસ્થાના પ્રમુખ દ્વારા નીમવામાં આવેલ સ્ત્રીની હાજરીમાં હાથ ધરવાની રહેશે.

## પ્રકરણ : ૭

## વિશેષ અદાલત (Special Court)

### ૨૮. વિશેષ અદાલતો નિમવા બાબત (Designation of Special Court).-

(૧) ઝડપી ઇન્સાફી કાર્યવાહીના ઉદ્દેશસર, રાજ્ય સરકાર વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરી, અધિકૃત (રાજપત્રિત) જાહેરનામાં દ્વારા, દરેક જિલ્લામાં, આ અધિનિયમ અન્વયેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે સેસન્સ અદાલતને વિશેષ અદાલત તરીકે નીમશે.

જોગવાઈ એવી છે કે, જો સેસન્સ અદાલત કમીશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ એકટ, ૨૦૦૫ અન્વયે બાળ–અદાલત તરીકે જાહેર થઈ હોય અથવા તત્સમયે અમલી કોઈપણ અન્ય કાયદા અન્વયે આવા સમાંતર ઉદ્દશેસર વિશેષ અદાલત તરીકે નીમવામાં આવી હોય, આ કલમ અન્વયે આવી અદાલતને વિશેષ અદાલત માનવામાં આવશે.

(૨) આ અધિનિયમ અન્વયેના ગુનાઓની ઇન્સાફી કાર્યવાહી કરતી વખતે વિશેષ અદાલત આ સાથે [પેટા–કલમ(૧) સંદર્ભીત ગુના સિવાયના અન્ય] જે કોઈ આરોપી હોય, તેની સામે ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો) અન્વયેના તહોમત અંગે સમાન રીતે ઇન્સાફી કાર્યવાહી ચલાવશે.

(૩) આ અધિનિયમ અન્વયે રચવામાં આવેલ વિશેષ અદાલતને, અન્યથા કાંઈપણ અપેક્ષિત ન હોય, ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ, ૨૦૦૦ (૨૦૦૦ના ૨૨મો) ની કલમ–૬૭–બી અન્વયેના ગુનાઓ કે જેના સંબંધે સ્પષ્ટપણે જાતીય સાધન–સામગ્રી કે જે ચિત્ર/શબ્દોમાં બાળકોને કોઈ કૃત્ય કરતાં પ્રકાશીત અથવા પ્રસારણ કરે, અથવા વર્તણૂંક અથવા રીત અથવા ઓનલાઈનની સુવિધા દ્વારા દુરપયોગ કરે.

### ૨૯. નિશ્ચિત ગુનાઓનુ અનુમાન (Presumption as to certain offences).-

જયારે કોઈ વ્યકિત, આ અધિનિયમની કલમ–૩, ૫, ૭, અને કલમ–૯ અન્વયેના કોઈપણ ગુનો કરવાનો અથવા મદદ કરવાનો અથવા પ્રયત્ન કરવાની કાનૂની કાર્યવાહી વિશેષ અદાલત, કિસ્સાનુસાર જે કેસની તકરારને સાબિત ન કરે ત્યાં સુધી અન્યથા, આવી વ્યકિતએ ગુનો કર્યો અથવા મદદગારી કરી અથવા પ્રયત્ન કર્યો છે, એવું અનુમાન કરશે.

### ૩૦. દોષીની માનસિક સ્થિતિ અંગે અનુમાન (Presumption of culpable mental state).-

(૧) આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના માટેની કોઈપણ કાનૂની કાર્યવાહી કે જે આરોપીના તરફથી દોષપાત્ર માનસિક સ્થિતિ માટે આવશ્યક હોય, ત્યાં વિશેષ અદાલત અસ્તિત્વ ધરાવતી આવી માનસિક સ્થિતિ અંગે અનુમાન કરશે પરંતુ, આરોપીને પોતાના બચાવમાં એ હકીકત સાબિત કરવી પડશે કે તેની માનસિક સ્થિતિ સાથે તહોમત મૂકવામાં આવેલ ગુના કે જેની કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે, તેની સાથે કોઈ સંબંધ નથી.

(૨) આ કલમના ઉદ્દેશસર, હકીકત ત્યારે જ સાબિત થયેલી ગણાશે કે જયારે વિશેષ અદાલતને એમ માનવાને લાગે કે અસ્તિત્વ એ વાજબી શંકાની પેલે પાર છે અને માત્ર તેનુ હોવાનુ પ્રસ્થાપિત માત્ર પ્રભાવની શકયતા નથી.

**ખુલાસો :** આ કલમની અંદર "દોષીત માનસિક સ્થિતિ" ની અંદર ઈરાદો, પ્રેરક/પ્રવર્તક (Motive), હકીકતની જાણકારી અને વિશ્વાસ, અથવા હકીકતને માનવાનો સમાવેશ થાય છે.

**૩૧. વિશેષ અદાલત સમક્ષની કાર્યવાહીમાં ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની અમલીપાત્રતા (Application of Code of Criminal Procedure, 1973 to Proceeding before a Special Court).-**

આ અધિનિયમમાં જે જોગવાઈ કરવામાં આવી હોય, તેને બાદ કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો) ની જોગવાઈઓ (જેમાં જામીન અને બોન્ડની જોગવાઈ સમાવિષ્ટ) વિશેષ અદાલત સમક્ષ અમલી થશે અને આ જોગવાઈના હેતુસર, વિશેષ અદાલતને સેસન્સ અદાલત માનવામાં આવશે અને જે વ્યકિત વિશેષ અદાલતમાં કેસ ચલાવતો હોય, તેને વિશેષ સરકારી વકીલ ગણવામાં આવશે.

**૩૨. વિશેષ સરકારી વકીલ (Special Public Prosecutors).-**

(૧) રાજય સરકાર, સરકારી જાહેરનામા દ્વારા, આ અધિનિયમની જોગવાઈઓ અન્વયે આવતાં કેસોની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે દરેક વિશેષ અદાલતમાં વિશેષ સરકારી વકીલને નિયુકત કરી શકશે.

(૨) પેટા–કલમ(૧) અન્વયે વિશેષ સરકારી વકીલ તરીકે એવી વ્યકિત લાયક ગણાશે કે જેને વ્યવસાયિક વકીલ તરીકેનો અનુભવ સાત વર્ષ કરતાં ઓછા સમય માટેનો ન હોય.

(૩) દરેક વ્યકિત કે જેની નિયુકિત આ કલમ અન્વયે વિશેષ સરકારી વકીલ તરીકે થઈ હોય, તો તેઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (૧૯૭૪ના ૨ જા) ની કલમ–૨ ની પેટા–કલમ (યુ) માં વ્યાખ્યાન્વીત સરકારી વકીલના અર્થમાં ગણવામાં આવશે અને સંહિતાની જોગવાઈઓ અસરકારક રીતે અનુક્રમે લાગુ પડશે.

## પ્રકરણ : ૮

## વિશેષ અદાલતની કાર્યવાહી અને સત્તા તથા પુરાવાની નોંધણી

## (Procedure and powers of special courts and recording of evidence)

**૩૩. વિશેષ અદાલતની કાર્યવાહી અને સત્તા (Procedure and powers of special court).-**

(૧) આ વિશેષ અદાલત, એવી હકીકતોની મળેલી ફરીયાદ કે જે એવો ગુનો બનતો હોય, અથવા એવી હકીકતોનો પોલીસ અહેવાલ ઉપર, આરોપીને ઈન્સાફી કાર્યવાહી માટે મોકલ્યા વગર, તેનું કોગ્નીઝન્સ લઈ શકશે.

(૨) વિશેષ સરકારી વકીલ, અથવા જે કિસ્સાનુસાર, આરોપી પક્ષના વકીલ, જયારે બાળકનુ સર–તપાસ, ઉલટ–તપાસ અથવા પુનઃતપાસની નોંધણીના સમયે, ઉભા થતાં પ્રશ્નોને જે બાળકને પૂછવાના હોય, તેને વિશેષ અદાલત સમક્ષ રજૂ કરવા પડશે, (અદાલત) આ પ્રશ્નો બાળકને પૂછશે.

(૩) વિશેષ અદાલતને સંભવતઃ, જો એવુ વિચારણામાં લેવું આવશ્યક બને, તો ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન અમુક સમયના અંતરે બાળકને વિરામ માટેની પરવાનગી આપી શકશે.

(૪) વિશેષ અદાલત, બાળ–દોસ્તીભર્યું વાતાવરણ (બાળકને માટે) તૈયાર થાય, તે માટે તેના કુટુંબના સભ્યો, વાલી, દોસ્તો, અથવા સગા–વ્હાલા, કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો રાખતો હોય, તેઓને અદાલતમાં હાજર રહેવા માટેની પરવાનગી આપશે.

(૫) વિશેષ અદાલત એ વાતની ખાતરી આપશે કે, બાળકને સાક્ષી/પુરાવા લેવા માટે વારંવાર અદાલતમાં બોલાવવામાં ન આવે.

(૬) વિશેષ અદાલત, ઉગ્ર અને બાળકની ચાલ–ચલગતનુ મૂલ્યાંકન કરતા પ્રશ્નો પૂછવાની પરવાનગી નહી આપે અને સમગ્ર ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન બાળકની ગરિમા જળવાય રહે, તેની ખાતરી આપશે.

(૭) વિશેષ અદાલત, તપાસ અથવા ઇન્સાફી કાર્યવાહીના કોઈપણ સમયે બાળકની ઓળખ છતી ન થાય તે વાતની ખાતરી આપશે.

જોગવાઈ એવી છે કે, જો વિશેષ અદાલતને એમ લાગે કે બાળકની ઓળખ છતી કરવી એ બાળકના સર્વોત્તમ હિતમાં છે, તો અદાલતે આ અંગેના કારણોની લેખિતમાં નોંધ કરી આવી ઓળખને છતી કરવાની પરવાનગી આપી શકશે.

**ખુલાસો :** આ પેટા–કલમના ઉદ્દેશસર, બાળકની ઓળખમાં બાળકના પરિવારની ઓળખ, શાળા, સગા–સંબંધીઓ, પાડોશીઓ અથવા બીજી કોઈ સૂચના જે બાળકની ઓળખ છતી કરતી હોય, તેનો પણ સમાવેશ થાય છે.

(૮) યથાયોગ્ય કિસ્સામાં, વિશેષ અદાલત, શિક્ષાથી વધારે, શારીરિક અથવા માનસિક આઘાત માટે અથવા એવા બાળકના તાત્કાલિક પુનઃવસન માટે, જે નિયત કરવામાં આવ્યુ હોય, તેવા વળતર ચુકવણી માટેનો નિર્દેશો આપી શકશે.

(૯) આ અધિનિયમની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને, વિશેષ અદાલત, આ અધિનિયમ સંબંધી કોઈપણ ગુનાની ઇન્સાફી કાર્યવાહીના ઉદ્દશેસર, સેસન્સ અદાલત જેટલી સત્તા ભોગવશે અને આવા ગુનાની કાર્યવાહી કોર્ટ ઓફ સેસન્સમાં હાથ ધરવામાં આવી હોય, તે રીતે હાથ ધરશે, અને સંભવતઃ જયાં સુધી, ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)માં નિર્દિષ્ટ કરેલી કાર્યવાહીને સંબંધ છે, ત્યાં સુધી આવી કાર્યવાહી કોર્ટ ઓફ સેસન્સ સમક્ષ કરવામાં આવેલી કાર્યવાહી અનુસારની ગણવામાં આવશે.

## ૩૪. બાળક દ્વારા કરવામાં આવેલ ગુનાના કિસ્સામાં કાર્યવાહી અને વિશેષ અદાલતમાં તેની ઉંમરનુ નિર્ધારણ (Procedure in case of commission of offence by child and determination of age by Special Court).-

(૧) જયારે આ અધિનિયમ અન્વયે બાળક દ્વારા કોઈ ગુનો કરવામાં આવે, ત્યારે આવા બાળક સાથે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ, ૨૦૦૦ (૨૦૦૦નો ૫૬મો) અન્વયે કરવામાં આવેલી જોગવાઈ અનુસાર વ્યવહાર કરવાનો રહેશે.

(૨) વિશેષ અદાલત સમક્ષ ચાલતી કોઈપણ ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન, જો એવો કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય કે, શું વ્યકિત બાળક છે કે નહી, તો ત્યાં વિશેષ અદાલત દ્વારા, સ્વય–સંતુષ્ટ થયા બાદ આવી વ્યકિતની ઉંમર સંબંધી પ્રશ્નનું નિર્ધારણ કરશે અને આવા નિર્ધારણ માટેના કારણોની લેખિતમાં નોંધ પણ કરશે.

(૩) વિશેષ અદાલત દ્વારા કરવામાં આવેલા આદેશને નિરસ્ત કરવામાં આવશે નહી, માત્ર એ આધાર ઉપર કે પેટા–કલમ(૨) અન્વયે નક્કી કરવામાં આવેલી વ્યકિતની ઉંમર બીજી કોઈપણ સાબિતી દ્વારા એ સાબિત થાય છે કે પહેલા નક્કી કરેલી ઉંમર સાચી નથી.

**૩૫. બાળકના પુરાવા નોંધવાની અને કેસના નિકાલ માટેનો સમયગાળો (Period for recording of evidence of child and disposal of case).-**

(૧) વિશેષ અદાલત ગુનાને ધ્યાનમાં લીધાને ત્રીસ દિવસની અંદર બાળકના પુરાવાને નોંધી લેવાના રહેશે અને વિલંબ માટેના કારણો, જો કોઈ હોય તો, વિશેષ અદાલત દ્વારા તેની નોંધ લેવામાં આવશે.

(૨) વિશેષ અદાલત ગુનાને ધ્યાનમાં લીધાની તારીખથી લઈને નિયત કરવામાં આવેલ એક વર્ષના સમયગાળાની અંદર, જયાં સુધી શકય હોય, ત્યાં સુધીમાં ઇન્સાફી કાર્યવાહીને પૂર્ણ કરશે.

**નોંધ :** આ અધિનિયમ અન્વયે મધ્યપ્રદેશમાં પહેલો કેસ ૬ઠઠી જાન્યુઆરી ૨૦૧૩માં નોંધાયો અને તેને માત્ર આઠ દિવસની અંદર પૂર્ણ કરવામાં આવેલ. જે આ અધિનિયમના હેતુ પૂર્તિ કરવા માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

**૩૬. બાળકને તપાસતી વખતે આરોપી નજરે પડવો જોઈએ નહી (Child not to see accused at the any time of testifying).-**

(૧) વિશેષ અદાલત એ વાતની ખાતરી આપશે કે, પુરાવા નોંધતી વખતે બાળકે કોઈપણ રીત થી આરોપી નજરે પડવો જોઈએ નહી, જયારે સમાન સમયે એ વાતની પણ ખાતરી આપશે કે, આરોપી બાળકે આપેલ નિવેદન સાંભળી શકશે અને આ અંગે તેના વકીલ સાથે વાતચીત પણ કરી શકશે.

(૨) પેટા–કલમ(૧)ના ઉદ્દેશસર, વિશેષ અદાલત બાળકનુ નિવેદન વિડિયો–કોન્ફરન્સીંગ માધ્યમથી અથવા એક તરફથી દેખાય તેવા અરીસાના ઉપયોગ દ્વારા અથવા પડદા દ્વારા અથવા કોઈપણ અન્ય સાધન દ્વારા નોંધી શકશે.

**૩૭. ઇન્સાફી કાર્યવાહી "ઈન કેમેરા" હાથ ધરવામાં આવશે (Trials to be conducted *in camera*).-**

વિશેષ અદાલત કેસોની ઇન્સાફી કાર્યવાહી "ઈન કેમેરા" કરશે અને કાર્યવાહી દરમ્યાન બાળકના માતા–પિતા અથવા એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળકને વિશ્વાસ અને ભરોસો હોય, તેની હાજરીમાં હાથ ધરવામાં આવશે.

જોગવાઈ એવી છે કે, વિશેષ અદાલતના અભિપ્રાય મુજબ બાળકને અદાલત સિવાય અન્ય બીજી જગ્યાએ તપાસવાની આવશ્યકતા છે, તો ત્યાં વિશેષ અદાલત ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો) ની કલમ–૨૮૪ અન્વયેની જોગવાઈ અનુસાર કમીશન/પંચ આગળની કામગીરી સોંપી શકશે.

**૩૮. બાળકના પુરાવા નોંધતી વખતે અર્થઘટનકાર અથવા નિષ્ણાતની સહાય (Assistance of an interpreter or expert while recording evidence of child).-**

(૧) બાળકના પુરાવા નોંધતી વખતે, જયાં પણ આવશ્યકતા હોય, ત્યાં અદાલત, આવી લાયકાત અને અનુભવ ધરાવતાં અનુવાદક (Translator) અથવા અર્થઘટનકાર (Interpreter) ની સહાયતા લઈ શકશે અને નિયત કર્યાનુસારની ફી ની ચુકવણી કરશે.

(૨) માનસિક અથવા શારીરિક અસક્ષમતા ધરાવતાં બાળકના કેસમાં, વિશેષ અદાલત ખાસ કેળવણીકાર અથવા કોઈપણ સુપરિચિત (Familiar) વ્યકિત કે જે બાળક સાથે વાર્તાલાપ કરવાની રીત અથવા આ ક્ષેત્રનો નિષ્ણાત હોય, એવી લાયકાત, અનુભવ ધરાવતી વ્યકિતની સહાયતા લઈ શકશે અને નિયત કર્યાનુસારની ફી ની ચુકવણી કરશે.

## પ્રકરણ : ૯

## પ્રકીર્ણ (Miscellaneous)

**૩૯. બાળકને નિષ્ણાતો, વગેરેની સહાયતા આપવા અંગેની માર્ગદર્શીકા (Guidelines for child to take assistance of experts, etc.).-**

આ બાબત–વિષયક ઘડેલા નિયમોને ધ્યાનમાં રાખીને, રાજય સરકારે, વ્યવસાયિક અને નિષ્ણાત અથવા સમાજશાસ્ત્ર, સમાજસેવા, શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય અને બાળકના વિકાસ સાથે જોડાયેલ બિન–સરકારી સંસ્થાના ઉપયોગ માટે ઇન્સાફી કાર્યવાહી અગાઉ અને ઇન્સાફી કાર્યવાહીના કોઈપણ તબક્કે બાળકને સહાયતા અંગેની માર્ગદર્શીકા તૈયાર કરશે.

**૪૦. બાળકને કાયદાના વ્યવસાયિકની સહાયતા મેળવવાનો અધિકાર (Right of the child to take assistance of legal practitioner).-**

ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૩૦૧ના પરંતુક બાબતે, આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના બાબતે બાળકના માતા–પિતા અથવા તેના વાલીને તેમની પસંદગી અનુસારના વ્યવસાયિક સાથે સલાહ–મસલત કરવાને હકદાર બને છે :

જોગવાઈ એવી છે કે, જો બાળકના માતા–પિતા અથવા વાલી વ્યવસાયિક સલાહકાર રાખવા માટે અસમર્થ હોય તો કાનૂની સેવા સત્તામંડળ તેઓને ધારાશાસ્ત્રી પૂરો પાડશે.

**૪૧. ચોક્કસ કેસોમાં કલમ–૩ થી ૧૩ સુધીની જોગવાઈઓ લાગુ પડશે નહી (Provisions of sections 3 to 13 not to apply in certain cases).-**

આવા બાળકની તબીબી તપાસ અથવા તબીબી સારવાર જયારે બાળકના માતા–પિતા અથવા વાલીની સંમતિ સાથે હાથ ધરવામાં આવતી તબીબી તપાસ અથવા તબીબી સારવારના કિસ્સામાં કલમ–૩ થી કલમ–૧૩ સુધીની જોગવાઈઓ (બન્નેનો સમાવેશ) લાગુ પડતી નથી.

**[3][૪૨. વૈકલ્પિક શિક્ષા (Alternative punishment).-**

જયારે કોઈ કૃત્ય અથવા કૃત્ય–લોપ આ અધિનિયમ અન્વયે શિક્ષાપાત્ર બનતુ હોય અને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૬એ, ૩૫૪એ, ૩૫૪બી, ૩૫૪સી, ૩૫૪ડી, ૩૭૦, ૩૭૦એ, ૩૭૫, ૩૭૬, ૩૭૬એ, ૩૭૬બી, ૩૭૬સી, ૩૭૬ડી, ૩૭૬ઈ અને ૫૦૯, ત્યાં, તત્સમયે અમલી કોઈપણ કાયદાના સંદર્ભે અન્યથા વિસંગત સિવાયનું કાંઈપણ, ગુનેગાર એવા ગુના માટે દોષિત જણાય આવે કે જેના માટે તે શિક્ષાને પાત્ર ઠરતો હોય, તે માત્ર આવા કાયદા અથવા આ અધિનિયમમાં જણાવવામાં આવેલી શિક્ષાની જોગવાઈઓ કે જેની માત્રા ઉચ્ચ સ્તરની છે, તેને પાત્ર બનશે.

---

3 કલમ–૪૨ અને ૪૨એ ફોજદારી કાર્યરીતિ (સુધારા) અધિનિયમ, ૨૦૧૩ની કલમ–૨૯ થી પરિવર્તીત અને દાખલ કરવામાં આવી છે. આ અધિનિયમ ૩જી ફેબ્રુઆરી ૨૦૧૩ થી અમલમાં આવ્યો છે.

**૪૨એ. આ અધિનિયમ બીજા કાયદાઓથી ઉતરતો નથી (Act not in derogation of any other law).–**

આ અધિનિયમની જોગવાઈઓ વધારાની રહેશે અને બીજા કોઈ અમલી કાયદાઓની જોગવાઈઓ અમલમાં હોય તો આમાં ઘટાડો કરવામાં આવશે નહી અને, જો કોઈ વિસંગતતાના કિસ્સામાં આ અધિનિયમની જોગવાઈઓ તેવી જોગવાઈઓ, જંયા સુધી અસંગત હોય, ત્યાં આ અધિનિયમની જોગવાઈઓ અમલી પ્રભાવ પાડશે.]

**૪૩. આ અધિનિયમ વિષે લોક–જાગૃતિ (Public awareness about Act).-**

કેન્દ્ર સરકાર અને દરેક રાજય સરકાર, ખાતરી આપતાં એવા દરેક પગલાં ઉઠાવશે કે,–

(ક) આ અધિનિયમની જોગવાઈઓને વ્યાપક લોક–જાગૃતિ આપવા માટે પ્રચાર–પ્રસારના માધ્યમ કે જેની અંદર ટેલિવિઝન, રેડિયો અને પ્રિન્ટ મિડિયા દ્વારા નિયમિત રીતે આવતાં મધ્યાતંર દરમ્યાન સામાન્ય લોકો, બાળકોની સાથે–સાથે તેમના માતા–પિતા અને વાલીઓને આ અધિનિયમની જોગવાઈઓથી અવગત કરવામાં આવશે.

(ખ) કેન્દ્ર સરકાર અને રાજય સરકાર તથા અન્ય સંબંધીત વ્યકિતઓ (પોલીસ–અધિકારીઓ સહિત) ને આ અધિનિયમની જોગવાઈઓના અમલના ભાગરૂપે સમયાંતર તાલીમ આપવી.

**૪૪. આ અધિનિયમના અમલ માટે દેખરેખ (Monitoring implementation of Act).-**

(૧) કમીશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ એકટ, ૨૦૦૫ (૨૦૦૬નો ૪ થો) ની કલમ–૩ અન્વયે રચવામાં આવેલ બાળ અધિકારોની સુરક્ષા માટેના રાષ્ટ્રીય પંચ અથવા કલમ–૧૭ અન્વયે રચવામાં આવેલ બાળ અધિકારોની સુરક્ષા માટેના રાજય પંચ, કિસ્સાનુસાર જે પણ હોય, તે અધિનિયમ દ્વારા આપવામાં આવેલા કાર્યો સિવાયના, જે રીત થી નિયત કરવામાં આવેલ હોય, આ અધિનિયમનું અમલીકરણ અને તેની દેખરેખ પણ કરશે.

(૨) રાષ્ટ્રીય પંચ અથવા, કિસ્સાનુસાર, રાજય પંચ, પેટા–કલમ–(૧) માં સંદર્ભીત કરવામાં આવેલ બાબત અંગે, આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના સંબંધીત બાબત–વિષયક તપાસ હાથ ધરી શકશે, કમીશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ એકટ, ૨૦૦૫ (૨૦૦૬નો ૪ થો) અન્વયે જે સત્તા છે, તેવી જ સમાન સત્તા આમાં નિહિત થશે.

(૩) રાષ્ટ્રીય પંચ અથવા, કિસ્સાનુસાર, રાજય પંચ, પેટા–કલમ–(૧) માં સંદર્ભીત કરવામાં આવેલ બાબત અંગે, કે જેમાં, આ અધિનિયમ અન્વયેની પ્રવૃત્તિ, કમીશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ એકટ, ૨૦૦૫ (૨૦૦૬નો ૪ થો) ની કલમ–૧૬ અન્વયે તેનો વાર્ષિક અહેવાલ આપવાનો પણ સમાવેશ થાય છે.

**૪૫. નિયમો ઘડવાની સત્તા (Power to make rules).-**

(૧) કેન્દ્ર સરકાર, આ અધિનિયમના ઉદ્દેશને પાર પાડવા માટે, સરકારી રાજપત્રિતમાં નિયમો ઘડવા માટેનુ જાહેરનામું બહાર પાડશે.

(૨) ચોક્કસપણે અને અગાઉ જણાવેલી સત્તાની અસ્પષ્ટતાથી લઘુતાગ્રંથિથી પીડાયા વગર, આવા નિયમો બધા અથવા નીચે જણાવેલી કોઈપણ બાબત સંબંધે લાગુ પડશે, અનુક્રમે –

(ક) આ અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ (૪); કલમ–૨૬ની પેટા–કલમ (૨) અને (૩) અને કલમ–૩૮ અન્વયે, અનુવાદક અથવા અર્થઘટનકારને, કેળવણીકાર અથવા કોઈપણ સુપરિચિત (Familiar) વ્યકિત કે જે બાળક સાથે વાર્તાલાપ કરવાની રીત અથવા આ ક્ષેત્રનો નિષ્ણાત હોય, તેઓની લાયકાતો અને અનુભવ, અને ચુકવવાપાત્ર ફી અંગે;

(ખ) કલમ–૧૯ ની પેટા–કલમ(૫) અન્વયે બાળકની કાળજી અને રક્ષણ માટે તેને તાત્કાલિક તબીબી સારવાર અંગે;

(ગ) કલમ–૩૩ની પેટા–કલમ(૮) અન્વયે વળતરની ચુકવણી અંગે;

(ઘ) આ અધિનિયમની કલમ–૪૪ની પેટા–કલમ (૧) અન્વયેની જોગવાઈઓ ઉપર સમયાંતર દેખરેખ રાખવા અંગે, ના નિયમો ઘડી શકશે.

(૩) આ કલમ અન્વયે બનાવેલ દરેક નિયમ જેટલું બને તેટલું જલ્દી સંસદના દરેક ગૃહ સમક્ષ જો સત્ર ચાલુ હોય તો કુલ ત્રીસ દિવસના સમયગાળાની અંદર મૂકવામાં આવશે, તે એક સત્ર અથવા બે અથવા વધારે સળંગ સત્રોનું બનેલું રહેશે અને સત્ર પછી તરતનું સત્ર પૂરું થતા પહેલાં, બન્ને ગૃહો નિયમમાં કોઈ ફેરફાર કરવા માટે સંમત થાય અથવા બન્ને ગૃહો એ નિયમ બનાવવા જોઈએ એ બાબતે સંમત ન થાય, તો નિયમમાં આવા ફેરફાર કરેલ સ્વરૂપમાં તે અમલમાં આવશે અથવા યથાપ્રસંગ/ કિસ્સાનુસાર અમલમાં આવશે નહી, તેમ છતાં આવા કોઈ ફેરફાર કે રદ કરવાની બાબતે, નિયમ અન્વયે અગાઉ કરેલી કોઈ પણ બાબતની કાયદેસરતાને બાધ આવશે નહી.

### ૪૬. મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા (Power to remove difficulties).-

(૧) આ અધિનિયમની જોગવાઈને પ્રભાવિત કરતી કોઈ મુશ્કેલી ઉભી થાય, તો ત્યાં કેન્દ્ર સરકાર, આ મુશ્કેલીને દૂર કરવા માટે આવી વિવાદાસ્પદ જોગવાઈઓને ખુલાસાની સ્પષ્ટતા રાજપત્રતિમાં પ્રકાશીત કરી શકશે.

જોગવાઈ એવી છે કે, આ અધિનિયમના પ્રારંભથી લઈને બે વર્ષના પૂરા થતા સમયગાળા બાદ આ કલમ અન્વયેના આદેશો લાવી શકાશે નહી.

(૨) આ કલમ અન્વયે કરવામાં આવેલ દરેક આદેશને વહેલાંમાં વહેલી તકે સંસદના બન્ને ગૃહ સમક્ષ મૂકશે.

## પરિશિષ્ટ

## (જુઓ કલમ–૨(સી)

સશસ્ત્ર દળો અને સુરક્ષા દળો કે જેની રચના નીચે મુજબની હોય. અનુક્રમે,–

(એ) ધ એર ફોર્સ એકટ, ૧૯૫૦ (૧૯૫૦ના ક્રમાંક ૪૫)

(બી) ધ આર્મી એકટ, ૧૯૫૦ (૧૯૫૦ના ક્રમાંક ૪૬)

(સી) ધ આસામ રાયફલ એકટ, ૨૦૦૬ (૨૦૦૬ના ક્રમાંક ૪૭)

(ડી) ધ બોમ્બે હોમ ગાર્ડ એકટ, ૧૯૪૭ (૧૯૪૭ના ક્રમાંક ૩)

(ઈ) ધ બોર્ડર સિકયોરેટી ફોર્સ એકટ, ૧૯૬૮ (૧૯૬૮ના ક્રમાંક ૪૭)

(એફ) ધ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિઅલ સિકયોરીટી ફોર્સ એકટ, ૧૯૬૮ (૧૯૬૮ના ક્રમાંક ૫૦)

(જી) ધ સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ એકટ, ૧૯૪૯ (૧૯૪૯ના ક્રમાંક ૬૬)

(એચ) ધ કોસ્ટ ગાર્ડ એકટ, ૧૯૭૮ (૧૯૭૮ના ક્રમાંક ૩૦)

(આઈ) ધ દિલ્હી સ્પેશીયલ પોલીસ ઇસ્ટેબ્લિશમેન્ટ એકટ, ૧૯૪૬ (૧૯૪૬ના ક્રમાંક ૨૫)

(જે) ધ ઈન્ડો–તિબ્બતન બોર્ડર પોલીસ ફોર્સ એકટ, ૧૯૯૨ (૧૯૯૨ના ક્રમાંક ૩૫)

(કે) ધ નેવી એકટ, ૧૯૫૭ (૧૯૫૭ના ક્રમાંક ૬૨)

(એલ) ધ નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી એકટ, ૨૦૦૮ (૨૦૦૮ના ક્રમાંક ૩૪)

(એમ) ધ નેશનલ સિકયોરીટી ગાર્ડ એકટ, ૧૯૮૬ (૧૯૮૬ના ક્રમાંક ૪૭)

(એન) ધ રેલ્વે પ્રોટેકશન ફોર્સ એકટ, ૧૯૫૭ (૧૯૫૭ના ક્રમાંક ૨૩)

(ઓ) ધ સશસ્ત્ર સીમા બલ એકટ, ૨૦૦૭ (૨૦૦૭ના ક્રમાંક ૫૩)

(પી) ધ સ્પેશીયલ પ્રોટેકશન ગ્રૂપ એકટ, ૧૯૮૮ (૧૯૮૮ના ક્રમાંક ૩૪)

(કયૂ) ધ ટેરેટોરીયલ આર્મી એકટ, ૧૯૪૮ (૧૯૪૮ના ક્રમાંક ૧૯૪૮)

(આર) ધ સ્ટેટ પોલીસ ર્ફોસીસ (કે જેમાં આર્મ કન્સટેબ્યુલરિ/સશસ્ત્ર પોલીસદળનો સમાવેશ થાય છે) કે જેની રચના રાજયના કાયદાઓ અન્વયે રાજયની દીવાની સત્તાઓ અને આંતરિક ગડબડ દરમ્યાન દળને સશકિતકરણ માટે ગોઠવવામાં આવ્યા હોય અથવા અન્યથા સશસ્ત્ર દળો કે જેને આર્મડ ર્ફોસીસ (સ્પેશીયલ પાવર્સ) એકટ, ૧૯૫૮ (૧૯૫૮ના ક્રમાંક ૨૮) ની કલમ–૨ ના ખંડ (એ) અન્વયે વ્યાખ્યાબઘ્ઘ કરવામાં આવેલ હોય, તેનો સમાવેશ થાય છે.

## જાહેરનામુ

**ભારતના રાજપત્રના અસાધારણ ભાગ–II, કલમ–૧, તારીખ : ૧૬મી જૂલાઈ ૨૦૧૨ના રોજ પ્રકાશીત.**

# "જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં નિયમ, ૨૦૧૨"

## (The Protection of Children from Sexual Offence Rule, 2012)

[વર્ષ : ૨૦૧૨નો ૩૨મો]

જી.એસ.આર. ૮૨૩(ઈ),– કેન્દ્ર સરકાર જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ (૨૦૧૨ના ૩૨મો) ની કલમ–૪૫ની પેટા–કલમ (૨)ના કલોઝીઝ (એ) થી (ડી) ને પેટા–કલમ(૧) સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરતા, નીચે લખેલા નિયમો ઘડયા છે, અનુક્રમે,–

### ૧. ટૂંકુ મથાળુ અને પ્રારંભ (Short title and commencement).–

(૧) આ નિયમો એ "જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા નિયમો, ૨૦૧૨" તરીકે ઓળખાશે.

(૨) આ નિયમોનો અમલ સરકારી રાજપત્રમાં પ્રકાશીત કરવામાં આવે, તે તારીખથી થશે.[4]

### ૨. વ્યાખ્યાઓ (Definitions).–

(૧) આ નિયમોમાં વિસંગતિ સિવાયનું કાંઈપણ, –

(એ) **"અધિનિયમ"** એટલે "જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨" (૨૦૧૨ના ૩૨મો);

(બી) **"જિલ્લા બાળ–રક્ષક એકમ"** (District Child Protection Unit) એટલે રાજય સરકારે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એમેન્ટમેન્ટ એકટ, ૨૦૦૬ની કલમ–૬૨એ અન્વયે પ્રસ્થાપિત કરેલ "જિલ્લા બાળ–રક્ષક એકમ";

(સી) **"નિષ્ણાત" (expert)** એટલે એવી વ્યકિત કે જેણે માનસિક સ્વાસ્થ્ય, ઔષધીય, બાળ–વિકાસ અથવા તેના સંબંધીત કોઈપણ શાખાની તાલીમ પામેલ હોય, કે જે આવશ્યકતા અનુસાર એવા બાળકો સાથે વાર્તાલાપ કરી શકે કે જેઓ આઘાત, અસક્ષમતા અથવા અન્ય કોઈપણ હુમલા કે ઈજાને લીધે લાચાર (Susceptibility to attack or injury) બની ગયા હોય કે જેને લીધે તેઓની વાર્તાલાપ કરવાની ક્ષમતાને અસર પડી હોય;

(ડી) **"વિશેષ કેળવણીકાર" (special educator)** એટલે એવી વ્યકિત કે જે ખાસ આવશ્યકતાવાળા બાળકો સાથે, બાળકની વ્યકિતગત ભિન્નતા અને આવશ્યકતાને લીધે કે જેમાં શીખવાની અને વાતચીત કરવાની રીત, ભાવાત્મક અને વ્યવહારલક્ષી અવ્યવસ્થિતતા, શારીરિક અસક્ષમતા, અને વિકાસાત્મક અવ્યવસ્થિતતાના પડકારનો પણ સમાવેશ થાય છે, તેને જાણવા સંબંધી જાણકારી ધરાવતો વ્યકિત.

(ઈ) **"બાળક સાથે વાર્તાલાપ કરવાની રીતથી સુપરિચિત વ્યક્તિ" (person familiar with manner of communication of the child)** એટલે માતા–પિતા અથવા બાળકના કૌટુંબના સભ્ય અથવા બાળક સાથે જે એક જ ઘરમાં સરખી ભાગીદારીથી રહેતો હોય અથવા એવી કોઈપણ

---

4 ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી, સરકારી રાજપત્રના અસાધારણ ભાગ–II, કલમ–૩, તારીખ : ૧૪મી નવેમ્બર ૨૦૧૨ના રોજ પ્રકાશીત.

વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, કે જે સુપરિચિત સાથે બાળક અનન્ય રીતે વાર્તાલાપ કરી શકતો હોય, અને જેની હાજરી તેના માટે આવશ્યક હોય અથવા બાળક સાથેની વાતચીતમાં વધુ અસરકારક પરિણામ લાવી શકે તેવી હોય; અથવા

(એફ) **"મદદ આપનાર વ્યકિત" (support person)** એટલે એવી વ્યકિત કે જેને નિયમ–૪ ના પેટા–નિયમ (૮)માં જણાવ્યાનુસાર, બાળ–કલ્યાણ સમિતિ દ્વારા નીમવામાં આવેલ હોય, કે જે તપાસ અને ઈન્સાફી કાર્યવાહીમાં બાળકને સહાયતા કરે, અથવા અન્ય કોઈપણ વ્યકિત કે જે આ અધિનિયમ અન્વયેના ગુના સંબંધી ઈન્સાફી કાર્યવાહી અગાઉ અથવા ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય, તે સમયે બાળકને સહાયતા કરશે.

(૨) એવા શબ્દ કે શબ્દજૂથો કે જે આ નિયમોમાં ઉપયોગ કરવામાં આવ્યો છે, પણ વ્યાખ્યાન્વીત કરવામાં આવ્યુ નથી. પરંતુ, આ અધિનિયમમાં વ્યાખ્યાન્વીત કરવામાં આવ્યુ છે, તેના અર્થ સમાન રહેશે.

## ૩. અનુવાદકો, અર્થઘટનકારો અને "વિશેષ કેળવણીકારો" (Interpreters, translators and educators) :

(૧) અધિનિયમના ઉદ્દેશસર, દરેક જિલ્લામાં, જિલ્લા બાળ–રક્ષક એકમ અનુવાદક, અર્થઘટનકાર અને વિશેષ કેળવણીકારના નામ, સરનામા અને અન્ય બીજી સંપર્ક માટેની વિગતોની નોંધ નોંધણીપત્રકમાં દુરસ્થ રાખશે, અને આ નોંધણીપત્રક વિશેષ બાળ–પોલીસ એકમ (Special Juvenile Police Unit), સ્થાનિક પોલીસ, મેજિસ્ટ્રેટ અથવા વિશેષ અદાલત, કે જેને જયાં આવશ્યક લાગે તેવી રીતે તેઓને ઉપલબ્ધ થઈ શકશે.

(૨) અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ (૪), કલમ–૨૬ની પેટા–કલમ (૩) અને (૪) અને કલમ–૩૮ના ઉદ્દેશસર રોકવામાં આવતા અનુવાદકો, અર્થઘટનકારો, વિશેષ કેળવણીકારો અને નિષ્ણાતો, ની લાયકાતો અને અનુભવો, આ નિયમોમાં વર્ણવ્યા મુજબના રહેશે.

(૩) પેટા–નિયમ (૧) અન્વયે જિલ્લા બાળ–રક્ષક એકમ દ્વારા દુરસ્થ રાખવામાં આવેલ અનુવાદક, અર્થઘટનકાર અથવા વિશેષ કેળવણીકારની યાદી બહારના માટે, આ નિયમના પેટા–નિયમ (૪) અને (૫) માં નિર્દિષ્ટ કરવામાં આવેલ શરત/આવશ્યકતામાં અનુભવ અથવા ઔપચારિક શિક્ષણ અથવા તાલીમ અથવા અનુવાદક, અર્થઘટનકાર અથવા વિશેષ કેળવણીકાર દ્વારા ભાષાની અસ્ખલિતતા (Fluency) અંગેની સુસંગતતા બાબતે આપવામાં આવેલ સાબિત બાબતે જો જિલ્લા બાળ–રક્ષક એકમ, વિશેષ અદાલત અથવા સંબંધીત અન્ય સત્તાધિકારી સંતુષ્ટ થાય તો સુસંગત પુરાવામાં રાહત કરી શકશે.

(૪) પેટા–નિયમ (૧) અન્વયે રોકાયેલા અનુવાદક અને અર્થઘટનકાર બાળક દ્વારા બોલાતી ભાષાની સાથે–સાથે જે–તે રાજયની વ્યવહાર/કામકાજની ભાષામાં કાર્ય કરવા માટેની સુપરિચિતતા (Familiarity) હોવી ફરજિયાત છે, જે કાં તો તેને તેની માતૃભાષાના સદગુણરૂપે મળી હોય અથવા તેણે લીધેલ શાળાકીય પ્રાથમિક શિક્ષણનુ માધ્યમ તે ભાષા હોય, અથવા અનુવાદક અથવા અર્થઘટનકારે આવી ભાષાનું જ્ઞાન ધંધા–રોજગાર, વ્યવસાય, અથવા તે જયાં રહેતો હોય, તેની સ્થાનિક ભાષા તરીકે બોલાતી હોય, તેણે આવી ભાષાને પ્રાપ્ત કરી હોય.

(૫) પેટા–નિયમ (૧) અન્વયે સાંકેતિક ભાષા (Sing language) ના અર્થઘટનકારો, વિશેષ કેળવણીકારો અને નિષ્ણાતોની નોંધણી કરતી વખતે સાંકેતિક ભાષામાં સુસંગત લાયકાતો અથવા વિશેષ શિક્ષણ હોવુ ફરજિયાત રહેશે,

અથવા નિષ્ણાતના કિસ્સામાં, માન્ય યુનિવર્સિટીમાંથી અથવા રીહેબીલીટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા માન્યતા પામેલ સુસંગત શાખાની લાયકાત ધરાવતો હોવો જોઈશે.

(૬) અનુવાદક, અર્થઘટનકાર, વિશેષ કેળવણીકાર અથવા નિષ્ણાત કે જેનું નામ પેટા–નિયમ (૧) અન્વયે દુરસ્થ રાખવામાં આવતા નોંધણીપત્રકમાં નોંધાયેલ હોય અથવા અન્યથા સેવા માટેની ચુકવણી, રાજય સરકાર દ્વારા સંચાલીત જુવેનાઈલ જસ્ટીસ એકટ, ૨૦૦૦ની કલમ–૬૧ અન્વયે દુરસ્થ રાખવામાં આવતા ફંડમાંથી, અથવા જિલ્લા બાળ–રક્ષક એકમ દ્વારા નિકાલ માટે રચવામાં આવેલ અન્ય ફંડો દ્વારા, તેઓ માટે નિર્ધારીત કરેલ દરે ચુકવવામાં આવશે, અને સંભવતઃ રાજય સરકાર આના વતી નિર્દિષ્ટ કરે, તેવા માળખામાં માંગણીનો સ્વીકાર કરે, તે અનુસારની રહેશે.

(૭) અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ (૧) અન્વયે માહિતી સ્વીકાર્યા બાદના કોઈપણ તબક્કે બાળક દ્વારા કોઈ, અનુવાદક, અર્થઘટનકાર, વિશેષ કેળવણીકાર અથવા નિષ્ણાતની જાતિ અંગે પસંદગી વ્યકત કરવામાં આવી હોય, તો તેને વિચારણામાં લેવામાં આવશે, અને જયાં આવશ્યક લાગે, ત્યાં બાળકને સંપર્કની સુવિધા માટે એક કરતાં વધારે વ્યકિતને રોકવાનો આદેશ કરી શકાશે.

(૮) અધિનિયમના ઉદ્દેશસર અનુવાદક, અર્થઘટનકાર, વિશેષ કેળવણીકાર,નિષ્ણાત અથવા સુપરિચિત કે જેને બાળક સાથે સંપર્કની સુવિધા પૂરી પાડવા માટે રોકવામાં આવેલ હોય, તે ફરજિયાતપણે લાગવગ વગરની તથા નિષ્પક્ષપાતી અને અસલ અથવા ખરેખર થયેલ કોઈ હિત વિવાદને જાહેર કરે, તેવી વ્યકિત હોવી જોઈએ. ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૮૨ ની સાથે અનુરૂપ સંપૂર્ણ અને ચોક્કસ અનુવાદક અથવા અર્થઘટનકાર તરીકે કોઈપણ વધારા અથવા ઘટાડા વગર હાજર રહી શકે, તેવી વ્યકિત હોવી જોઈએ.

(૯) કલમ–૩૮ અન્વયેની કાર્યવાહીમાં, વિશેષ અદાલત તપાસ કરશે કે શું બાળક અદાલતની ભાષાને પૂરતાં પ્રમાણમાં બોલી શકે છે, અને અર્થઘટનકાર, વિશેષ કેળવણીકાર,નિષ્ણાત અથવા સુપરિચિત કે જેને બાળક સાથે સંપર્કની સુવિદ્યા પૂરી પાડવા માટે રોકવામાં આવેલ હોય, કે જે બાળક સાથે સંપર્કની સુવિદ્યા પૂરી પાડવા માટે રોકવામાં આવેલ હોય, તે કોઈપણ હિત–વિવાદમાં સંકળાયેલો ન હોય.

(૧૦) અધિનિયમની કોઈ જોગવાઈઓ અથવા તે અન્વયેના કોઈ નિયમ અન્વયે, કોઈ વ્યકિતની અર્થઘટનકાર, વિશેષ કેળવણીકાર અથવા નિષ્ણાત તરીકે નિયુકિત થઈ હોય, તેણે ફરજિયાતપણે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૨૬ને કલમ–૧૨૭ સાથે વાંચતા નિર્દિષ્ટ કરવામાં આવેલ વિશ્વસનીયતાના નિયમોથી બંધાયેલ રહેશે.

### ૪. કાળજી અને રક્ષણ (Care and Protection).–

(૧) જયારે કોઈપણ વ્યકિત કે જેમાં બાળકનો પણ સમાવેશ થાય છે, તેના તરફથી અધિનિયમની કલમ–૧૯ ની પેટા–કલમ (૧) અન્વયેની કોઈ માહિતી વિશેષ બાળ–પોલીસ એકમ અથવા સ્થાનિક પોલીસને મળી હોય, તો વિશેષ બાળ–પોલીસ એકમ અથવા સ્થાનિક પોલીસ આવી મળેલી માહિતીને આધારે વિના વિલંબે આવી વ્યકિત પાસેથી નીચેની વિગતો પ્રાપ્ત કરી, અહેવાલ તૈયાર કરશે, અનુક્રમે,–

(i) તેનું નામ અને હોદ્દો;

(ii) તેનું સરનામુ અને ટેલીફોન નંબર;

(iii) માહિતી એકત્રીત કરતા પોલીસ–અધિકારી ઉપર દેખરેખ રાખતાં અધિકારીનુ નામ, હોદ્દો અને સંપર્કની વિગતો.

(૨) જયારે વિશેષ બાળ–પોલીસ એકમ અથવા સ્થાનીક પોલીસ, કિસ્સાનુસાર જે કોઈ હોય, અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ(૧) અનુસારની જોગવાઈઓમાં સમાવિષ્ટ થતી હોય તેવી ફરીયાદ મળી હોય કે આના સંબંધી ગુના થઈ ગયા છે કે હતા અથવા કરવાનો પ્રયત્ન અથવા કરવાની ઈચ્છા ધરાવે છે, ત્યાં સંબંધીત અધિકૃત સત્તા, લાગુ પાડે એવું,

(એ) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૧૫૪ની જોગવાઈઓ અનુસાર પ્રથમ માહિતી અહેવાલની નોંધ આગળ વધારશે તથા નોંધણીપત્રકમાં કરશે અને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ની પેટા–કલમ(૨) અનુસાર, આવા અહેવાલની એક નકલ વિના મૂલ્યે તે વ્યકિતને પૂરી પાડશે;

(બી) જયારે બાળકને અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ(૫) અથવા આ નિયમો અન્વયે તાત્કાલિક તબીબી સારવારની જરૂરત હોય, ત્યાં આવા બાળક માટે આવી કાળજીની વ્યવસ્થા, નિયમ–૫ અનુસાર પહોંચાડવી;

(સી) આ અધિનિયમની કલમ–૨૭ અનુસારની તબીબી સારવાર માટે હોસ્પીટલમાં લઈ જવો;

(ડી) ફોરેન્સિક ટેસ્ટોના ઉદ્દેશસર કોઈ નમૂના એકત્રીત કરવામાં આવ્યા હોય તો તેને જેટલું વહેલું બને તેટલી વહેલી તકે ફોરેન્સિક લેબોરેટીરીમાં મોકલવા અંગેની ખાતરી આપવી;

(ઈ) બાળકને અને તેના માતા–પિતા અથવા વાલી અથવા અન્ય કોઈ વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, તેને સમર્થનમાં ઉપલબ્ધ થતી સેવાઓ કે જેમાં સલાહ–મસલત સમાવિષ્ટ છે, તેની જાણ કરવી, અને સેવાઓ અને રાહત પૂરી પાડતી વ્યકિત સાથે સંપર્ક કરાવવામાં સહાયતા કરવી;

(એફ) બાળકને અને તેના માતા–પિતા અથવા વાલી અથવા અન્ય કોઈ વ્યકિત કે જેની અંદર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, તેને બાળકને કાનૂની સલાહ અને સલાહ–મસલત કરવાનો અધિકાર છે, અને આ અધિનિયમની કલમ–૪૦ અનુસાર ધારાશાસ્ત્રી દ્વારા પ્રતિનિધિત્વ કરાવવાનો અધિકાર છે.

(૩) જયારે વિશેષ બાળ–પોલીસ એકમ અથવા સ્થાનીક પોલીસ, આ અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ(૧) અન્વયેની ફરીયાદ મળ્યેથી, અને વ્યાજબી દહેશત તરીકે, ગુનો કરનાર અથવા પ્રયત્ન કરનાર અથવા કરવાની ઈચ્છા ધરાવનાર, વ્યકિત દ્વારા આવા બાળકની સાથે સમાન ઘરમાં અથવા એક જ ઘરમાં ભાગીદારીથી રહેતો હોય, અથવા આવુ બાળક બાળ–સંભાળ ગૃહમાં અને માતા–પિતાના આધાર વગર રહેતુ હોય, અથવા બાળક ઘર–વિહોણું અને માતા–પિતાના આધાર વગરનુ હોવાનું નજરે પડે, ત્યાં સંબંધીત વિશેષ બાળ–પોલીસ એકમ અથવા સ્થાનિક પોલીસ આવો અહેવાલ મળ્યાના ચોવીસ કલાકની અંદર સંબંધીત બાળ–કલ્યાણ સમિતિ સમક્ષ (બાળકને) રજૂ કરશે, આ અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ(૫) અન્વયે શું બાળકને કાળજી અને રક્ષણની આવશ્યકતા છે, તે અંગેના કારણો અને બાળ–કલ્યાણ સમિતિ દ્વારા કરવામાં આવેલ મૂલ્યાંકનની વિગતોમાં કરવામાં આવેલ વિનંતી, આ બન્નેની સંયુકત રીતે લેખિતમાં નોંધ કરશે.

(૪) પેટા–નિયમ(૩) અન્વયે સ્વીકારવામાં આવેલ અહેવાલ ઉપરથી, સંબંધીત બાળ–કલ્યાણ સમિતિ ફરજિયાતપણે જુવેનાઈલ જસ્ટીસ એકટ, ૨૦૦૦ની કલમ–૩૧ની પેટા–કલમ(૧) અન્વયે આપવામાં આવેલી સત્તા

અનુસાર કાર્યવાહીને આગળ ધપાવશે, ત્રણ દિવસની અંદર, કાં તો પોતાની રીતે અથવા તો સામાજિક કાર્યકર્તાની સહાયતાથી, એ બાબતનું નિર્ધારણ કરશે કે, શું બાળકને તેના પરિવાર અથવા એક જ ઘરમાં સમાન ભાગીદારીથી રહેનારના જાપ્તામાંથી લઈ લેવો અને બાળકને બાળ–ગૃહ અથવા આશ્રય–ગૃહમાં મોકલવો આવશ્યક છે.

(૫) પેટા–નિયમ(૪) અન્વયેનું નિર્ધારણ કરતી વખતે, બાળ–કલ્યાણ સમિતિ બાબત–વિષયક બાળક દ્વારા આપવામાં આવેલ કોઈ પસંદગી અથવા વ્યકત કરવામાં આવેલ અભિપ્રાયને ફરજિયાતપણે બાળકના સર્વોત્તમ હિત ખાતર સંયુકત રીતે લક્ષમાં લેશે, આના સંદર્ભે નીચેનાને વિચારણામાં લેશે, અનુક્રમે,–

(i) માતા–પિતાઓની, અથવા માતા–પિતામાંથી કોઈપણ, અથવા અન્ય એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળકને વિશ્વાસ અને ભરોસો હોય, તેઓની તાત્કાલિક બાળકની કાળજી અને રક્ષણ કરવાની ક્ષમતા, કે જેની અંદર તબીબી જરૂરિયાતો અને સલાહ–મસલતનો સમાવેશ થાય છે;

(ii) બાળકને તેના માતા–પિતા, પરિવાર અને સંયુકત પરિવારમાં રહેવાની આવશ્યકતા અને તેમના સાથે સંબંધ સ્થાપિત રાખવો;

(iii) બાળકની ઉંમર અને પરિપકવતાનું સ્તર, જાતિ અને સામાજિક તથા આર્થિક પૃષ્ટભૂમિ;

(iv) બાળકની અસક્ષમતા, જો કોઈ હોય તો;

(v) લાંબા સમયથી બાળક ભોગવી રહયો હોય તેવી કોઈ બીમારી;

(vi) બાળક અને બાળકના પરિવારના કોઈ સભ્યની ઘરેલું હિંસામાં સંલગ્નતાની પૃષ્ઠભૂમિ;

(vii) કોઈપણ અન્ય સુસંગત પરિબળોનું વહન કરવું કે જે બાળકના સર્વોત્તમ હિત માટે હોયઃ

જોગવાઈ એવી છે કે, આવી બાબતોનું નિર્ધારણ કરતા પહેલા, તપાસ એવી રીતે હાથ ધરવાની રહેશે કે જેના લીધે બાળકને બિન–જરૂરી રીતે ઈજા અથવા અગવડતા ન થાય.

(૬) બાળક અને તેના માતા–પિતા અથવા તેના વાલી અથવા એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય અને જેની સાથે બાળક રહેતો હોય, કે જે આવા નિર્ધારણને અસર પાડી શકે તેમ હોય, તેને આવા નિર્ધારણમાં વિચારણામાં લેવા અંગેની જાણ કરવી.

(૭) બાળ–કલ્યાણ સમિતિ, અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ(૬) અન્વયે મેળવવામાં આવેલ અહેવાલ અથવા પેટા–નિયમ(૫) અન્વયે હાથ ધરવામાં આવેલ મૂલ્યાંકનને આધારે, અને બાળક અને તેના માતા–પિતા અથવા એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, તેની સંમતિ સાથે, તપાસ અને ઈન્સાફી કાર્યવાહીની પ્રક્રિયા દરમ્યાન બાળકની મદદમાં હોય તેવી વ્યકિતને સહાયતા માટે હાજર રાખવો. આવી મદદ આપતી વ્યકિત કદાચ વ્યકિત અથવા સંસ્થા હોઈ શકે કે જે બાળકોના અધિકાર અથવા બાળકોના રક્ષણ માટે કાર્યરત હોય, અથવા બાળ–ગૃહ અથવા આશ્રય–ગૃહ કે જેના જાપ્તામાં બાળક હોય, ત્યાંના અધિકારી તરીકેના હોદ્દાની રૂ એ, અથવા જિલ્લા બાળ–પોલીસ એકમ દ્વારા નિયુકત કરવામાં આવેલ વ્યકિતઃ

જોગવાઈ એવી છે કે, આ નિયમોમાંનુ કાંઈપણ બાળક અને તેના માતા–પિતા અથવા એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, તેવી કોઈપણ વ્યકિત અથવા સંસ્થા પાસેથી અધિનિયમ અન્વયેની કાર્યવાહી દરમ્યાન સહાયતા મેળવવા થી રોકી શકશે નહી.

(૮) મદદ આપનાર વ્યકિત એ દરેક સમયે બાળક સંબધ્ધ આપવામાં આવેલ તમામ માહિતી કે જેમાં તે દાખલ થયો હોય, તેની વિશ્વસનીયતાને જાળવી રાખવી પડશે. તેણે બાળક અને તેના માતા–પિતા અથવા એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, તેની કેસની પ્રક્રિયા સંબંધી માહિતી કે, જેની અંદર સહાયતા, ન્યાયિક કાર્યવાહી અને સંભવીત નિષ્કર્ષનો સમાવેશ થતો હોય તેવી માહિતી ઉપલબ્ધ કરાવશે. તેઓએ બાળકને ન્યાયીક પ્રક્રિયામાં તેઓની ભૂમિકાના વિષે સૂચિત કરશે અને આવી ખાતરી આપશે કે બાળકથી સંબંધીત આરોપીથી સુરક્ષા અને કેવી રીતે તેઓ બાળકના પુરાવા લેશે, તેની જાણકારી તેઓ સંબંધીત સત્તાને આપશે.

(૯) જયારે બાળકને મદદ આપતી વ્યકિત પૂરી પાડવામાં આવે છે, ત્યારે વિશેષ બાળ–પોલીસ એકમ અથવા સ્થાનીક પોલીસ, ચોવીસ કલાકની અંદર મૂલ્યાંકન તૈયાર કરી, વિશેષ અદાલતને લેખિતમાં જાણ કરશે.

(૧૦) મદદ આપનાર વ્યકિતને બાળ–કલ્યાણ સમિતિ બાળક અને તેના માતા–પિતા અથવા એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, તેની વિનંતી થી સેવામાંથી છૂટો કરી શકશે, અને એવી વિનંતી કરવાવાળા બાળકથી એવું કરવા માટેના કારણો પૂછવામાં આવશે નહી. વિશેષ અદાલતને આવી માહિતી લેખિતમાં આપશે.

(૧૧) વિશેષ બાળ–પોલીસ એકમ, અથવા સ્થાનીક પોલીસની એ જવાબદારી બને છે કે, બાળક અને તેના માતા–પિતા અથવા વાલી અથવા એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, અને જયાં મદદ આપનાર વ્યકિત નીમવામાં આવી હોય, ત્યાં આવી વ્યકિતને, કેસની કાર્યવાહીમાં થઈ રહેલી પ્રગતિથી માહિતગાર કરે, કે જેની અંદર આરોપીની ધરપકડ, અરજી દાખલ અને અન્ય અદાલતી પ્રક્રિયાનો સમાવેશ થાય છે.

(૧૨) વિશેષ બાળ–પોલીસ એકમ, સ્થાનીક પોલીસ અથવા મદદ આપનાર વ્યકિત દ્વારા બાળક અને તેના માતા–પિતા અથવા વાલી અથવા એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, નીચે લખેલી બાબતોનો સમાવેશ થાય છે પરંતુ આના સુધી મર્યાદીત થતી નથી,–

(i) જાહેર અને ખાનગી કટોકટી અને સંકટ સેવાઓની ઉપલબ્ધતા;

(ii) ફોજદારી ફરીયાદમાં સંલગ્ન પ્રક્રિયાત્મક પગલાં;

(iii) પીડિતને ઉપલબ્ધ વળતરનો લાભ;

(iv) ગુનાની તપાસની દરજ્જા, જયાં સુધી આની સુચના પીડિતને આપવી ઉચિત હોય અને જયાં સુધી તપાસમાં અવરોધ ન થાય;

(v) શંકાસ્પદ ગુનેગારની ધરપકડ;

(vi) શંકાસ્પદ ગુનેગાર વિરુધ્ધ આરોપ દાખલ કરવા;

(vii) અદાલતી કાર્યવાહીના સમય–પત્રક અનુસાર બાળકને કાં તો હાજર રાખવો અથવા કાં તો હાજર રાખવા માટે હકદાર હોવો;

(viii) ગુનેગાર અથવા શંકાસ્પદ ગુનેગારની જામીન, મુકિત અથવા અટકાયત અંગેની પરિસ્થિતિ;

(ix) ઈન્સાફી કાર્યવાહી પૂરી થઈ ગયા બાદ ચુકાદાની પ્રસ્તુતી; અને

(x) ગુનેગારને કરવામાં આવેલ શિક્ષા.

**૫. તાત્કાલિક તબીબી સંભાળ (Emergency medical care).–**

(૧) જયારે વિશેષ બાળ–પોલીસ એકમ અથવા, સ્થાનીક પોલીસને અધિનિયમની કલમ–૧૯ અન્વયે બાળકની સામે ગુનો થયો હોવાની માહિતી મળે, તેઓ સ્વયં સંતુષ્ટ થાય કે જે બાળક તેને તાત્કાલિક તબીબી કાળજી અને રક્ષણની આવશ્યકતા છે, ત્યાં તેઓ (પોલીસ) શકય હોય તેટલી વહેલામાં વહેલી તકે, પરંતુ આવી માહિતી મળ્યાના ચોવીસ કલાક કરતા વધારે નહી, આવા બાળકને નજીકમાંના નજીકના હોસ્પીટલ અથવા જયાં તાત્કાલિક તબીબી કાળજીની સેવા ઉપલબ્ધ હોય ત્યાં લઈ જવાની વ્યવસ્થા કરશેઃ

જોગવાઈ એવી છે કે, આ અધિનિયમની કલમ–૩, ૫, ૭, અને કલમ–૯ અન્વયે બનેલા ગુનાના પીડિતને તાત્કાલિક સારવાર માટે લઈ જવો પડશે.

(૨) તાત્કાલિક તબીબી કાળજી એવી રીતે આપવાની રહેશે કે જેમાં બાળકની ગુપ્તતા/ઓળખ છતી ન થાય, અને માતા–પિતા અથવા વાલી અથવા એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, તેની હાજરી હોય.

(૩) તબીબી વ્યવસાયિક, હોસ્પીટલ અથવા અન્ય તાત્કાલિક તબીબી સુવિદ્યા ધરાવતાં કોઈપણ કેન્દ્રો બાળકને સારવાર આપતી વખતે કોઈપણ કાનૂની અથવા મેજિસ્ટ્રેટનું અથવા અન્ય દસ્તાવેજ કે જે આવી કાળજી આપતા પહેલા આવશ્યક રીતે પ્રસ્તુત કરવા જરૂરી હોય, તેની માંગણી કરશે.

(૪) બાળકને તાત્કાલિક સારવાર માટે હાજર રહેલા નોંધાયેલ વ્યવસાયિક તબીબે બાળકની જરૂરીયાતોને ઘ્યાનમાં લેવાની રહેશે, કે જેમાં,–

(i) કપાવવાની, ઉઝરડા, અને અન્ય ઈજાઓ કે જેમાં જનેનન્દ્રીયો સંબંધીત ઈજાઓ પણ સમાવિષ્ટ થાય છે, જો કોઈ હોય તો, તેની સારવાર;

(ii) જાતીય રોગ કે જેમાં, જાતીય ચેપ રોગના લક્ષણો પહેલેથી સમાવિષ્ટ છે, તેનો ઉપચાર કરશે;

(iii) ચેપી માનવીય રોગના જંતુ (Human Immunodeficiency Virus) જાતીય ચેપી રોગ તજજ્ઞ સાથે આવશ્યક સલાહ–મસલત બાદ એચઆઈવી, કે જેમાં એચઆઈવીના લક્ષણો પહેલાથી સમાવિષ્ટ છે, તેનો ઉપચાર કરશે;

(iv) સંભવતઃ ગર્ભાધાન/ગર્ભવતી અને તાત્કાલિક ગર્ભ–નિરોધક (દવા કે સાધન) અંગે પ્રજનનક્ષમ અવસ્થા પ્રાપ્ત કરનાર બાળક અને માતા–પિતા અથવા એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, તેની સાથે સંભવીત ગર્ભધાન અને અપતાં ગર્ભ નિરોધના વિષયમાં વાતચીત કરવી; અને

(v) જયાં પણ આવશ્યક હોય, ત્યાં માનસિક અથવા શારીરિક સ્વાસ્થ્ય બાબતે તજજ્ઞ અથવા અન્યની સાથે ફરજિયાતપણે સલાહ–મસલત કરવી જોઈએ.

(૫) તાત્કાલિક તબીબી કાળજી દરમ્યાન એકત્ર કરેલા કોઈપણ ફોરેન્સિક પુરાવાનું એકત્રીકરણ અધિનિયમની કલમ–૨૭ અનુસાર થવુ જોઈએ.

**૯. અધિનિયમના અમલીકરણ ઉપર દેખરેખ (Monitoring of implementation of the Act).–**

(૧) બાળ અધિકારોની સુરક્ષા અંગેનું રાષ્ટ્રીય પંચ અથવા બાળ અધિકારોની સુરક્ષા અંગેનુ રાજય પંચ, કિસ્સાનુસાર જે કાંઈપણ હોય, ધ કમીશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ એકટ, ૨૦૦૫ અન્વયે નિયત કરવામાં આવેલા સિવાય આ અધિનિયમ અન્વયે કરવામાં આવેલી જોગવાઈઓના અમલીકરણ માટે નીચે મુજબના વધારાના કાર્યો બજાવશે, અનુક્રમે,–

(એ) રાજય સરકાર દ્વારા નીમવામાં આવેલ વિશેષ અદાલતો ઉપર દેખરેખ;

(બી) રાજય સરકાર દ્વારા નીમવામાં આવેલ સરકારી વકીલો ઉપર દેખરેખ;

(સી) રાજય સરકાર દ્વારા, વ્યવસાયિક અને નિષ્ણાત અથવા સમાજશાસ્ત્ર, સમાજસેવા, શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય અને બાળકના વિકાસ સાથે જોડાયેલ બિન–સરકારી સંસ્થાના ઉપયોગ માટે અને ઇન્સાફી કાર્યવાહી અગાઉ અને ઇન્સાફી કાર્યવાહીના કોઈપણ તબક્કે બાળકને સહાયતા અંગે આ અધિનિયમની કલમ–૩૯માં નિર્દિષ્ટ કરવામાં આવેલ માર્ગદર્શીકા ઉપર વ્યવસ્થિતરીતની દેખરેખ;

(ડી) અધિનિયમના અસરકારક અમલ થાય, તે માટે પોલીસ–કર્મીઓ અને અન્ય સંબંધીત વ્યકિતઓ, કે જેની અંદર કેન્દ્ર અને રાજય સરકારોના અધિકારીઓ સમાવિષ્ટ થાય છે, તેઓ માટે તાલીમના નમૂના અને રૂપરેખા ઉપર દેખરેખ;

(ઈ) કેન્દ્ર સરકાર અને રાજય સરકાર એ અધિનિયમની જોગવાઈઓ સંબંધીત ને વ્યાપક લોક–જાગૃતિ અને માહિતી આપવા માટે પ્રચાર–પ્રસારના માધ્યમ કે જેની અંદર ટેલિવિઝન, રેડિયો અને પ્રિન્ટ મિડિયા દ્વારા નિયમિત રીતે આવતાં મધ્યાંતર દરમ્યાન સામાન્ય લોકો, બાળકોની સાથે–સાથે તેમના માતા–પિતા અને વાલીઓને આ અધિનિયમની જોગવાઈઓથી અવગત કરવામાં આવતા કાર્યક્રમને સમર્થન અને દેખરેખનું કામ કરશે.

(૨) બાળ અધિકારોની સુરક્ષા અંગેનું રાષ્ટ્રીય પંચ અથવા બાળ અધિકારોની સુરક્ષા અંગેનુ રાજય પંચ, કિસ્સાનુસાર જે કાંઈપણ હોય, બાળ–કલ્યાણ સમિતિની તેની હકૂમતક્ષેત્રમાં આવતો કોઈ ચોક્કસ બાળ–જાતીય દુરપયોગ સંબંધી કેસ અંગેનો અહેવાલ માંગી શકશે.

(૩) બાળ અધિકારોની સુરક્ષા અંગેનું રાષ્ટ્રીય પંચ અથવા બાળ અધિકારોની સુરક્ષા અંગેનુ રાજય પંચ, કિસ્સાનુસાર જે કાંઈપણ હોય, જાતીય દુરપયોગના નોંધાયેલા કેસો અને આ અધિનિયમ અન્વયે તેના નિકાલ માટે પ્રસ્થાપિત કરવામાં આવેલી પ્રક્રિયા સંદર્ભે સ્વયં રીતે અથવા સંબંધીત સુસંગત સંસ્થાઓ પાસેથી માહિતી અને ડાટા માંગી શકશે, જેમાં નીચે મુજબની માહિતી સમાવિષ્ટ થાય છે, અનુક્રમે,–

(i) અધિનિયમ અન્વયે નોંધાયેલ ગુનાઓની સંખ્યા અને તેની વિગતો;

(ii) અધિનિયમ અને નિયમોમાં નિર્દિષ્ટ કર્યાનુસારની પ્રક્રિયાનું અનુસરણ થાય છે કે નહી, કે જેની અંદર સમયની બંધનકારકતા સમાવિષ્ટ થાય છે;

(iii) અધિનિયમ અન્વયે ગુનાના પીડિતને આપવામાં આવેલી કાળજી અને રક્ષણ અંગેની વિગતો, કે જેની અંદર તાત્કાલિક તબીબી કાળજી અને તબીબી તપાસ સમાવિષ્ટ થાય છે; અને

(iv) વિશેષ કિસ્સાઓમાં બાળ–કલ્યાણ સમિતિ દ્વારા બાળકને આપવામાં આવેલ કાળજી અને રક્ષણની જરૂરિયાતોના સંબંધે વિગતોનુ મૂલ્યાંકન કરવુ.

(૪) બાળ અધિકારોની સુરક્ષા અંગેનું રાષ્ટ્રીય પંચ અથવા બાળ અધિકારોની સુરક્ષા અંગેનુ રાજય પંચ, કિસ્સાનુસાર જે કાંઈપણ હોય, અધિનિયમના અમલીકરણના વ્યાપ માટે એકત્રીત કરેલી માહિતીનો ઉપયોગ અધિનિયમની જોગવાઈઓના અમલીકરણ માટે કરી શકશે. અધિનિયમના દેખરેખનો વાર્ષિક અહેવાલ રાષ્ટ્રીય પંચ અને રાજય પંચ તેના વાર્ષિક અહેવાલમાં અલગ પ્રકરણ સામિલ કરવાનુ રહેશે.

**૭. વળતર (Compensation)** :

(૧) વિશેષ અદાલત, યથાયોગ્ય કિસ્સાનુસાર, સ્વયં દ્વારા અથવા દાખલ કરવામાં આવેલી અરજી દ્વારા અથવા બાળકના વતી, પ્રથમ બાતમી અહેવાલ નોંધાયા બાદના કોઈપણ તબક્કે બાળકને રાહત અથવા તેના પુનઃવસન માટે તાત્કાલિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વચગાળાનો આદેશ આપશે. આવુ વચગાળાનુ વળતર બાળકને ચૂકવવામાં આવનાર અંતિમ વળતરમાં ગોઠવવામાં આવશે, જો કોઈ હોય.

(૨) વિશેષ અદાલત, સ્વયં દ્વારા અથવા દાખલ કરવામાં આવેલી અરજી દ્વારા અથવા પીડિત વતી, જયારે આરોપી દોષિત સાબિત થયો હોય, અથવા જયારે કેસનો નિકાલ છૂટકારો અથવા બરીનો આવ્યો હોય, અથવા પકડાતો કે ઓળખાતો ન હોય, અને વિશેષ અદાલતના અભિપ્રાય અનુસાર આવા ગુનાનુ પરિણામ ઈજા અથવા હાનિ હોય, ત્યાં વળતરના આદેશની ભલામણ કરશે.

(૩) જયારે વિશેષ અદાલત, અધિનિયમની કલમ–૩૩ની પેટા–કલમ(૮) ને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૭–એ ને સાથે વાંચતા, પીડિતને વળતર આપવાનો નિર્દેશ આપતી વખતે પીડિતને થયેલ હાનિ અથવા ઈજા સંબંધીત તમામ સુસંગત પરિબળોને ધ્યાનમાં લેશે, કે જેમાં નીચેની બાબતો સમાવિષ્ટ થાય છે,–

(i) દુરપયોગનો પ્રકાર, ગુનાની ગંભીરતા અને બાળક દ્વારા વેઠવામાં આવેલ માનસિક તથા શારીરિક હાનિ અથવા ઈજાની કઠોરતા;

(ii) તેની (બાળકની) શારીરિક અને/અથવા માનસિક સ્વાસ્થ્ય પાછળ થયેલો અથવા થવાનો હોય તેવી તબીબી સારવારનો ખર્ચ;

(iii) ગુનાનુ પરિણામ એ બાળકની શૈક્ષણિક તકોને ગુમાવવી હોય, કે જેની અંદર માનસિક આઘાત, શારીરિક ઈજા, તબીબી સારવાર, તપાસ અને ગુનાની ઈન્સાફી કાર્યવાહી, અથવા કોઈપણ અન્ય કારણોસર, શાળામાંથી ગેરહાજરી સમાવિષ્ટ થાય છે;

(iv) ગુનાના પરિણામને લીધે રોજગારી ગુમાવવી હોય, કે જેની અંદર માનસિક આઘાત, શારીરિક ઈજા, તબીબી સારવાર, તપાસ અને ગુનાની ઈન્સાફી કાર્યવાહી, અથવા કોઈપણ અન્ય કારણોસર, રોજગારીના સ્થળ ઉપરથી ગેરહાજરી સમાવિષ્ટ થાય છે;

(v) ગુનેગાર સાથે બાળકનો સંબંધ, જો કોઈ હોય તો;

(vi) શું દુરપયોગ એકલી ઘટના હતી અથવા એવો દુરપયોગ અલગ–અલગ સમયે વારંવાર થયો હતો;

(vii) ગુનાના પરિણામ સ્વરૂપ બાળક (છોકરી) ગર્ભવતી બની છે;

(viii) શું બાળક અપરાધના સ્વરૂપે કોઈ જાતીય ચેપથી કોઈ સંક્રમણનો ભોગ બન્યો છે;

(ix) ગુનાના પરિણામ સ્વરૂપ બાળક ચેપી માનવીય રોગના જંતુ (Human Immunodeficiency Virus) નો ભોગ બન્યો હોય;

(x) ગુનાના પરિણામ સ્વરૂપ બાળકને કોઈ અસક્ષમતા આવી હોય;

(xi) જે બાળક વિરુધ્ધ ગુનો કરવામાં આવ્યો છે, તેની નાણાકીય પરિસ્થિતિના આધારે પુનઃવસનની આવશ્યકતનાનુ નિર્ધારણ;

(xii) વિશેષ અદાલતને અન્ય બીજા કોઈપણ પરિબળો સુસંગત લાગે, તેને વિચારણામાં લઈ શકશે.

(૪) વિશેષ અદાલત દ્વારા આપવામાં આવેલ વળતરના આદેશની ચૂકવણી રાજય સરકાર દ્વારા રચીત પીડિત વળતર ફંડ અથવા અન્ય યોજના અથવા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૭એ અન્વયે પીડિતને ક્ષતિપૂર્તિ અને પુનઃવસનના ઉદ્દેશસર પ્રસ્થાપિત કરવામાં આવેલ ફંડ અથવા તત્સમયે અમલી અન્ય કાયદાઓ, અથવા જયાં આવી યોજનાઓ અસ્તિત્વ ધરાવતી ન હોય ત્યાં રાજય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે.

(૫) વિશેષ અદાલતનો વળતરનો આદેશ આવ્યાના ત્રીસ દિવસની અંદર રાજય સરકારે તેને ચૂકવવાનો રહેશે.

(૬) આ નિયમોમાંનુ કાંઈપણ, બાળક અને તેના માતા–પિતા અથવા એવી કોઈપણ વ્યકિત કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો મૂકતો હોય, તેને અન્ય કોઈ નિયમો અથવા કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારની યોજના અન્વયે રાહત મેળવવાની અરજી દાખલ કરવા સામે પ્રતિબંધ મૂકી શકાશે નહી.

* * * * *

# Gujarat State Child Protection Society

(An Autonomous body of Social Justice and Empowerment Department)

Ground Floor, "C"-Wing, Birsa Munda Bhavan,

Sector 10-A, Gandhinagar-382010

Phone No:079-23242521 Fax:079-23242522

E-Mail: gujarat.icps@gmail.com, gscps.icps@gmail.com